# Veer Narmad South Gujarat University, Surat


Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only



Vol. 12, Issue. 216, May 2021


શુશ્રૂષાની આ વૃત્તિને મેં મારા શોખ તરીકે ઓળખાવી છે, કેમ કે જોઈ શકયો છું કે આ ગુણો જયારે આનંદદાયક થઈ પડે છે ત્યારે જ નભી શકે છે. તાણીતૂશીને અથવા દેખાવ કે શરમને ખાતર થાય છે ત્યારે તે માણસને કચડી નાખે છે, ને તે કરતો છતો માણસ કરમાય છે. જે સેવામાં આનંદ નથી મળતો તે નથી સેવકને ફળતી, નથી સેવ્યને ભાવતી. જે સેવામાં આનંદ મળે છે તે સેવા આગળ એશ–આરામ કે ધનોપાર્જન ઈત્યાદિ પ્રવૃત્તિ તુચ્છ લાગે છે.

–મહાત્મા ગાંધી

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

માનવ જીવનનાં ત્રણ મહત્વપૂર્ણ ઘટકો છે : સત્તા, સંપત્તિ અને નૈતિકતા. આ ત્રણ ઘટકો ખૂબ જ મોટી શકિત છે. સત્તાની પાસે દંડ છે. સંપત્તિ પાસે વિનિમયની શકિત છે. અને નૈતિકતામાં આત્મવિશ્વાસ અને શ્રધ્ધાની શકિત છે. આ ત્રણ શકિતઓ માનવ જીવનને સંચાલિત કરે છે. તેનું સંતુલન રહે તો જીવનની યાત્રા સરળ બને છે અને તેનું સંતુલન બગડે તો જીવનરૂપી રથ તૂટી જાય છે.

વિશ્વનો એક સર્વસામાન્ય સિધ્ધાંત છે કે જેનું મન જયાં જોડાયેલું છે તેના માટે તે મધુર છે, ઉત્તમ છે. જેનું મન સેવામાં મગ્ન હોય, તેના માટે સેવાથી ઉત્તમ બીજું કંઈ નથી. જેનું મન જે જગ્યાએ જોડાઈ ગયું હોય, તેના માટે તે જ સર્વસ્વ છે. મનનું આયોજન,વ્યવસ્થાન, માનસિક–શરીરનું નિર્માણ જે સ્વરૂપમાં કર્યું હોય, તેના માટે તે તન્મય અને એકરૂપ બની જાય છે. પદાર્થની મધુરતાના સંબંધમાં એક મત ન હોઈ શકે. વાસ્તવમાં જેનું મન જયાં જોડાઈ જાય છે, તેના માટે તે જ મધુર છે.

સેવાનાં અનેક સ્વરૂપ છે. વિશ્વનો પ્રત્યેક પદાર્થ અનંત પદાર્થ છે. એક અક્ષર 'અ'–તેનાથી પણ અનંત પદાર્થ છે. એક પરમાણુના પણ અનંત પર્યાય છે. વિશ્વનો મોટામાં મોટો અથવા તો નાનો એકમ પણ અનંત પર્યાય છે. સેવા અને નૈતિકતાના પણ અનંત સ્વરૂપ છે, અનંત પર્યાય છે. અજ્ઞાતનો સંસાર એટલો મોટો છે કે તેનો કયારેય પણ અંત આવી શકતો નથી, પરંતુ મનુષ્યનો હંમેશા એ પ્રયાસ રહયો છે કે તે 'અજ્ઞાત'ને પણ 'જ્ઞાત' કરે, જે નથી જાણી શકાયું, તેને પણ જાણે. જયારે 'અજ્ઞાત' 'જ્ઞાત' થાય છે, ત્યારે અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે.

સેવા એક સહજ અને સ્વાભાવિક કર્મ છે. સેવા જયાં થાય છે ત્યાં બે બાબતો હોય છે–એક સેવા પ્રદાન કરનાર અને એક સેવા લેનાર. 'દાતા' અને 'યાચક'ને કેવી રીતે ઓળખી શકાય ? કોઈ કવિએ કહ્યું છે કે– **'दातृयाचकयोरभेदः खकराभय्यामेव सूचितः'** અર્થાત 'દાતા' અને 'યાચક'ની ઓળખ હાથની દશાથી ઓળખી શકાય છે. દાતાનો હાથ ઊંચો અને યાચકનો હાથ નીચે હોય છે. હાથની દશા દર્શાવે છે કે કોણ દાતા છે અને કોણ યાચક છે. એક સહયોગ લેનાર અને બીજો સહયોગ આપનાર, જયાં આ ભાવના હોય છે, ત્યાં સેવાની પ્રતિષ્ઠા ખંડિત થાય છે. સેવા છે પરસ્પરતા, જયાં એક કર્તા અને એક કર્મ નથી બનતું, પરંતુ બંને સમાન ધરતી પર ઊભા હોય છે. તે તેનો ઉપકાર અને તેનો ઉપકારી, સહયોગ આપનાર પણ આભારી હોય છે અને સહયોગ લેનાર પણ આભારી બને છે. આપનારમાં ગર્વ નથી હોતો અને લેનારમાં હીનતાની અનુભૂતિ નથી હોતી, તે સેવા છે. તે છે સેવાની પ્રતિષ્ઠા. જયાં ગર્વની અનુભૂતિ અને હીનતાની અનુભૂતિ–બંનેનો વિલય થઈ જાય છે ત્યાં 'સેવા' શબ્દનો પ્રયોગ ઉચિત કહેવાય છે.

'સેવા' માટે બે સાધનો અપેક્ષિત હોય છે– એક 'શ્રમ' અને બીજું 'ધન'. શ્રમ તો કોઈ પણ વ્યકિત આપી શકે છે, પરંતુ ધન કેટલાક લોકો પાસેથી જ મળે છે. સેવાનું મૂળ છે–માનવીય અધિકારોનું રક્ષણ કરવું. સેવા વિશ્વનો સૌથી મોટો ચમત્કાર છે, જેની સાથે 'બીજાઓના અધિકારોનું રક્ષણ', 'મનની નિર્મળતા' અને 'પરસ્પરતા' સૂત્ર જોડાયેલાં હોય છે.

'નૈતિકતા'નાં બે સ્વરૂપ છે : માનવીય સંબંધોની સમ્યક વ્યવસ્થા અને ચરિત્રનો વિકાસ. આ બંને બાબતો નૈતિકતા સાથે જોડાયેલી છે. સેવા કરનાર નૈતિક હશે જ, હોવો પણ જોઈએ. સહયોગની સાથે એક મહત્વપૂર્ણ બાબત જોડાયેલી હોય છે કે સહયોગ કરનાર વ્યકિત સ્વયંનું ચરિત્ર ઊંચું રાખે અને સહયોગ લેનાર વ્યકિતના ચરિત્રને ઉન્નત રાખવા માટે હંમેશા પ્રયાસ કરે. સેવા કરવાનો અધિકાર એ વ્યકિતને હોવો જોઈએ જેનું મન નિર્મળ હોય. જે સેવાભાવી વ્યકિતમાં મનની નિર્મળતા હશે, તે જે પણ કંઈ કરશે તે સેવા હશે. સેવાને ચમત્કાર માનવામાં આવે છે, જે સ્વાભાવિક હોય છે.

તા. ૧ જૂન, ૨૦૨૧

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### ઓનલાઈન પરીક્ષા : ટેકનીકલ સપોર્ટ માટે હેલ્પલાઈન


'આપણી યુનિવર્સિટી આપણું ગૌરવ' એ સૂત્રને સાકાર કરવા માટેનું એક ડગલું આગળ વધતા કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જે વિદ્યાર્થીહિત માટે ઘણો ઉપયોગી છે.

આગામી સમયમાં શરૂ થઈ રહેલી યુનિવર્સિટીની ઓનલાઈન પરીક્ષાઓ માટે જરૂરી ટેકનિકલ સપોર્ટ વિદ્યાર્થીઓને મળી રહે તે માટે સરળ અને સુલભ વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા ટેલીફોનીક વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન પરીક્ષા સંબંધે કોઈપણ પ્રશ્ન હોય તો આપશ્રી આપેલ હેલ્પલાઈન નં. 0261-238-8888 નો સંપર્ક કરવો. આ હેલ્પલાઈન નંબર વિદ્યાર્થીઓએ નોંધી લેવો.

ઓનલાઈન પરીક્ષા આપવા માટે જરૂરી મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડમાં કે અન્ય કોઈ પણ ટેકનીકલ સમસ્યા સર્જાય તો વિદ્યાર્થીઓની સહાય માટે સવારે ૯ થી ૬ કલાક સુધીની એક ટેલીફોનીક વ્યવસ્થા શરૂ કરી છે. વિદ્યાર્થીઓ ઓનલાઈન પરીક્ષા સંદર્ભે કોઈ પણ ટેકનીકલ પ્રશ્ન સંદર્ભે આ હેલ્પલાઈન નં. 0261-238-8888 ઉપયોગ કરી શકે છે.


આ ઉપરાંત ગુગલ મીટ સહાયતા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. ગુગલ મીટ દ્વારા વિદ્યાર્થી પોતાના પ્રશ્નોના નિરાકરણ વિડીયો દ્વારા તાત્કાલિક મેળવી શકશે. ગુગલ મીટ માટેની લીંક અને તમામ હેલ્પ લાઈન નંબર આ સાથે સામેલ છે.

આપશ્રી યુનિવર્સિટીના સોશિયલ મીડિયા Facebook, Instagram, Telegram, Youtube જેવા માધ્યમોનો ઉપયોગ કરી માહિતી મેળવી શકશો. આ તમામ લાભ વિદ્યાર્થીઓને મળી રહે તે માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ભગીરથ પ્રયાસ કરી રહી છે.








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી , સુરત
દ્વારા વિદ્યાર્થીઓ માટે ગૂગલ મીટ પર સહાયકેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

ગૂગલ મીટ સહાયકેન્દ્ર

| Helpdesk Group | Join With Google Meet | Meeting Code |
|---|---|---|
| VNSGU HELPDESK | https://meet.google.com/xwt-xzzg-dzb | xwt-xzzg-dzb |
| VNSGU HELPDESK 01 | https://meet.google.com/yza-drcs-brg | yza-drcs-brg |
| VNSGU HELPDESK 02 | https://meet.google.com/mni-rwby-wqz | mni-rwby-wqz |
| VNSGU HELPDESK 03 | https://meet.google.com/jeb-tpya-wze | jeb-tpya-wze |
| VNSGU HELPDESK 04 | https://meet.google.com/uab-bbpi-ndc | uab-bbpi-ndc |
| VNSGU HELPDESK 05 | https://meet.google.com/rpo-gpjg-phb | rpo-gpjg-phb |
| VNSGU HELPDESK 06 | https://meet.google.com/eqi-wsoq-spm | eqi-wsoq-spm |
| VNSGU HELPDESK 07 | https://meet.google.com/tew-tubj-wco | tew-tubj-wco |
| VNSGU HELPDESK 08 | https://meet.google.com/aqq-hcrq-pjd | aqq-hcrq-pjd |
| VNSGU HELPDESK 09 | https://meet.google.com/ggq-scjs-kbh | ggq-scjs-kbh |
| VNSGU HELPDESK 10 | https://meet.google.com/jro-fttz-wee | jro-fttz-wee |
| VNSGU HELPDESK 11 | https://meet.google.com/sfu-uqxx-zqx | sfu-uqxx-zqx |
| VNSGU HELPDESK 12 | https://meet.google.com/swq-xcxv-cpz | swq-xcxv-cpz |

www.vnsgu.ac.in info@vnsgu.ac.in

### વર્કિંગ પેપરનું વિમોચન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અર્થશાસ્ત્ર વિભાગના ડૉ.યોગેશ એન. વાંસિયા, ડૉ.શ્રીનિવાસા રાવ અને ડૉ. મનીષ આર. પટેલ દ્વારા તા. ૧૦–૫–૨૦૨૧ના

રોજ બે વર્કિંગ પેપર પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેમાં ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. શ્રીનિવાસા રાવ દ્વારા "A STUDY OF THE WAGES, EMPLOYMENT AND MIGRATION OF THE AGRICULTURAL LABOURERS IN GUJARAT: WITH SPECIAL REFERENCE TO BOTAD DISTRICT" વિષય ઉપર વર્કિંગ પેપર લખવામાં આવ્યું હતું, આર્ટસ ફેકલ્ટીના ડીન અને ભૂતપૂર્વ ઈન્ચાર્જ કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈના હસ્તે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ ડૉ.યોગેશ એન. વાંસિયા અને ડૉ.મનીષ આર. પટેલ દ્વારા "DEMOGRAPHIC CHANGE IN TRIBAL SOCIETIES OF INDIA: WITH SPECIAL REFERENCE TO GUJARAT" વિષય ઉપર વર્કિંગ પેપર લખવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના હસ્તે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ જણાવવામાં આવ્યું હતું કે, પ્રાથમિક અને ગૌણ માહિતી આધારિત સંશોધન સંદર્ભે પ્રકાશિત થયેલા બંને વર્કિંગ પેપર સામાજિક વિજ્ઞાનમાં કામ કરી રહેલા સંશોધકો માટે ખાસ કરીને જેઓ આદિવાસી વિકાસ અને ખેતમજૂર સંદર્ભે સંશોધન કરી રહ્યા છે તેમને ઉપયોગી સાબિત થશે. આવનાર દિવસોમાં સંશોધન ક્ષેત્રે યુનિવર્સિટીના વિવિધ વિભાગો અને કોલેજો આગળ આવી વિવિધ સંશોધન ક્ષેત્રે કામગીરી કરશે અને તે સંદર્ભે જરૂરી સુવિધાઓ ઉભી થશે તેવું તેમને જણાવ્યું હતું. પ્રસ્તુત સંશોધન પેપરના પ્રકાશન સંદર્ભે તેમણે લેખકો / સંશોધકોને અભિનંદન પાઠવ્યા હતા.

## કોરોનાનાં કપરા કાળમાં જ્ઞાન ઉપાર્જન કરવાં AICTE ના STTP કાર્યક્રમોની હેટ્રીક લગાવતાં પ્રો. પોરીયા



કોરોનાનાં પણ કપરા સમયમાંથી દેશ પસાર થઈ રહ્યો છે. એ શિક્ષક જીવનપર્યંત વિદ્યાર્થી જ હોય છે તેને સાર્થક કરતાં ભૌતિકશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ પ્રો. કિશોરભાઈ પોરીયાએ ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ઓફ ટેકનીકલ એજ્યુકેશન (એ.આઈ.સી.ટી.ઈ.) દ્વારા મે માસ દરમ્યાન જુદા જુદા વિષયો પર યોજાયેલ ત્રણ શોર્ટ ટર્મ ટ્રેઈનીગ પ્રોગ્રામ (STTP) માં ભાગીદારી નોંધાવી હેટ્રિક લગાવી છે. આ કાર્યક્રમનો પ્રથમ ફેઈઝ તા. ૧૦–૫–૨૦૨૧ થી તા. ૧૫–૫–૨૦૨૧ દરમ્યાન "સિન્થેથીસ એન્ડ ફંકનાલાઈઝેશન ઓફ નેનોમટીરીયલ્સ" વિષય પર પ્રો. સાબુ થોમસ, મહાત્મા ગાંધી યુનિવર્સિટીના કુલપતિ, પ્રો.જી.સુબારાવ (ICT) મુંબઈ, પ્રો.પી.કે.જૈન, ARCI હૈદરાબાદ, પ્રો. એમ.એ.મોરે, નાગપુર, પ્રો. સી.સુબ્રહ્મયમ (IIT) હૈદરાબાદ, પ્રો. મુરલી બાબુ, અન્ના યુનિવર્સિટી, પ્રો. ડી. અરૂવુલ્લી, અન્ના યુનિવર્સિટી દ્વારા રસપ્રદ વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા. અને નેનોમટીરીયલ્સની ઉપયોગીતા અને તેમનાં ઉત્પાદનમાં ઉભી થતી મુશ્કેલીઓ અને આ ક્ષેત્રમાં ભારતીય યુનિવર્સિટીએ કે જેના દ્વારા થઈ રહેલી સંશોધનાત્મક પ્રવૃતિઓ અંગે ઉંડી અને રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. દ્વિતિય ફેઈઝનો કાર્યક્રમ તા. ૧૭–૫–૨૦૨૧ થી તા.૨૨–૫–૨૦૨૧ દરમ્યાન "ફેબ્રીકેશન એન્ડ કેરેકટારાઈઝેશન ઓફ નેનો ઈલેકટ્રોનીક ડિવાઈસીઝ" પર યોજાયો હતો. આ ક્ષેત્રમાં કાર્યરત ખ્યાતનામ સંસ્થાના પ્રોફેસર જેવા કે પ્રો. એમ.જે.મેવી, પ્રો. સરકાર, પ્રો. પ્રકાશ જાદવ, પ્રો. મહાજન, પ્રો. શંકર, પ્રો. દ્વિવેદી દ્વારા ઓપ્ટોઈલેકટ્રોનીક મટીરીયલ્સ અને તેની એન.એલ.ઓ. પ્રોપર્ટી અને તેનું માપન તેમજ મટીરીયલ સિન્થેસીસ પ્રક્રિયા અને તેનાં ઓટોઈલેકટ્રીક લાક્ષણિકતાઓનું માપન એ માટે વપરાતા વિવિધ સાધનો અને લેવાયેલ સંશોધન પેરામીટર્સ અંગેની વિશદ છણાવટ કરવામાં આવી હતી. આ સાથે નોંધવું જરૂરી છે કે, પ્રો. પોરીયા દ્વારા પણ થાયોયુરીયા અને મેટલ ડોટડ થાયોયુરીયા મટીરીયલનો અભ્યાસ કરવામાં આવેલ છે. તેઓ દ્વારા પણ વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતાં અને રોચક માહિતીનું આદન–પ્રદાન કરવામાં આવેલ હતું. આ શ્રેણીમાં ફેઈઝ–૩ નો કાર્યક્રમ તા. ૨૪–૫–૨૦૨૧ થી તા. ૨૯–૫–૨૦૨૧ દરમ્યાન "ફેબ્રીકેશન અને કેરેકટારાઈઝેશન ઓફ ઓપ્ટો ઈલેકટ્રોનીક એન્ડ ફોટોનીક ડીવાઈસીઝ પર યોજાયો હતો. આ કાર્યક્રમમાં આપણા દેશની ખ્યાતનામ સંસ્થાનાં સંશોધનકારો જેવાં કે, જે.કુમાર, અન્ના યુનિવર્સિટી, પ્રો. બી.આર.સંકલ્પ, નાગપુર યુનિવર્સિટી, પ્રો. રાજીવ મહેતા, થાપર યુનિવર્સિટી, તેમજ વિશ્વની ખ્યાતનામ યુનિવર્સિટીનાં સંશોધનકર્તા જેવા કે, પ્રો. ડેઈનકર, તોકુ શીમા યુનિવર્સિટી, જાપાન, જહોન કેનેડી, જી.એન.એસ. સાયન્સ, ન્યુઝીલેન્ડ પ્રો. એમ.વી.રેડ્ડી કયુબેક ઈન્સ્ટીટયુટ કેનેડા વગેરે દ્વારા આ ક્ષેત્રમાં થયેલ આધુનિક સંશોધનો અને નજીકના સમયમાં થનાર વિકાસમાં આ પ્રકારનાં મટીરીયલ્સ અને ડીવાઈસીસમાં બહોળા ઉપયોગથી થનાર માનવજાતને ફાયદાઓ વર્ણાવ્યા હતા. પ્રો. પોરીયા ઈન્ડિયન સોસાયટી ટેકનીકલ એનડરેશન (આઈએસટીઈ)ના લાઈફ મેમ્બર છે.

## કા.કુલસચિવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતેના બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા પ્રોફેસર ડૉ. જયદીપકુમાર એન. ચૌધરીને અન્ય આદેશ ન થાય ત્યાં સુધી કુલસચિવનો વધારેનો ચાર્જ સોંપવામાં આવે છે. તેઓએ નિયમાનુસાર ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર રહેશે.

## શ્રી શિવમહિમ્નસ્ત્રોત : વેબિનાર





તા. ૧૫ મે, ૨૦૨૧ના રોજ સાંજે ૪:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ન્યાસના સંયુકત ઉપક્રમે ઓનલાઈન સાહિત્ય સંગોષ્ઠી 'શ્રી શિવમહિમ્નસ્ત્રોત'નું આયોજન કરવામાં આવેલ હતું. આ સંગોષ્ઠીમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વકતા તરીકે ડૉ. રાજેશ વ્યાસ, (કાર્યવાહ નિદેશક, સંસ્કૃત વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ વિશ્વવિદ્યાલય, ગોધરા) અને કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શાબ્દિક સ્વાગત દ્વારા ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવી હતી. અને તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન કોરોનાની પરિસ્થિતીમાં મનુષ્યનું મનોબળ મજબૂત રહે તે ખૂબ મોટી આવશ્યકતા છે. શરીર તંદુરસ્ત છે જ પરંતુ મન નબળું પડે છે. ત્યારે મન માટે પણ કેટલીક પ્રવૃત્તિઓ કરવી પડે છે. વિશ્વવિદ્યાલય ફકત વિદ્યાર્થીઓ માટે જ નહી સર્વના માટે કોઈને કોઈ રીતે ઉપયોગી થાય તેના માટે કટિબદ્ધ છે. આજે આ અંતર્ગત જ સાહિત્ય સંગોષ્ઠિનું આયોજન કર્યુ છે. હવેથી દર શનિવારે ૪:૦૦ કલાકે આપણે નિયમિત પણે વેબિનાર યોજવા માટે કુલપતિશ્રીએ આપણને માર્ગદર્શન આપ્યું છે. અને આ માટેનું આયોજન આપણે કરી રહ્યા છીએ. "સાહિત્યની અંદર સત્ય હોય, સાહિત્યની અંદર શિવ અને સાહિત્યની અંદર સૌંદર્ય હોય" એટલે કે સત્યમ, શિવમ અને સુંદરમ્‌ની જે મૂળ વાત છે. એ સાચું સાહિત્ય હોય અને સાહિત્યની અંદર આ હોય ત્યારે જ સાહિત્ય સાહિત્ય થતું હોય છે અન્યથા તે સાહિત્ય નથી હોતું.

કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક દ્વારા કાર્યક્રમના મુખ્ય વકતા, કાર્યક્રમના અધ્યક્ષ, સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ અધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તથા વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી જોડાયેલા તમામ પ્રતિનિધિઓનું સ્વાગત દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદબોધન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્‌બોધનમાં તેમણે જણાવ્યું હતું કે, હવેથી પ્રત્યેક શનિવારે હવે પછીના ત્રણ વર્ષ સુધી સતત દર શનિવારે સાંજે ચાર વાગે આ પ્રકારની પ્રવૃત્તિમાં આપણો સમય ફાળવશો. પૃથ્વીમાં કોઈપણ જગ્યાએ કોઈ પણ વ્યકિત આવે તેને લાઈવ અથવા પાછળથી પણ નિહાળી શકશે. આ પ્રવૃત્તિનો મુખ્ય આશય એ છે કે પૃથ્વી પર રહેલા તમામ જનના મન સમુદ્ધ બને એની પાસે રહેલી જે માહિતી છે, તે જ્ઞાનમાં પરિવર્તન થાય, જ્ઞાનમાં પરિવર્તન થાય ત્યાર પછી સમજણમાં પરિવર્તન થાય અને જયારે સમજણમાં પરિવર્તન થાય ત્યાર પછી શાણપણમાં પરિવર્તન થાય. આજે માહિતી શરૂ કરીને શાણપણ સુધી લઈ જવાની પ્રક્રિયા એટલે આપણી દેવભાષા સંસ્કૃત છે. તમામ ભાષાઓમાં મુખ્ય ભાષા પણ છે ભારતના અમુક ગામડાઓમાં ફકત સંસ્કૃત ભાષા આજે પણ બોલાય છે. આ સંસ્કૃત ભાષા વિશે આજના મુખ્ય વકતા સંપૂર્ણ માહિતી આપશે.




ત્યાર બાદ કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. રાજેશ વ્યાસે વિશેષ વકતવ્ય આપતા જણાવ્યું હતું કે, કુલપતિશ્રી એ જે વાત કરી એ ખૂબ આનંદની વાત છે. દર શનિવારે સાહિત્યની આ વ્યાખ્યાન શ્રીણે ચાલવાની છે તે એ માટે હું યુનિવર્સિટીના તમામ પદાધિકારીઓનો આભાર માનું છું. ઓનલાઈન વ્યાખ્યાન શ્રેણીમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીએ માત્ર સંસ્કૃત વિષય રાખ્યો હતો. પરંતુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ તો સાહિત્યને લઈને વ્યાખ્યાનશ્રેણી ચલાવે છે. કદાચ હું માનું છું કે, ગુજરાતમાં હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી બધા જ વિષયના વિદ્વાનો આ પ્લેટફોર્મ પર આવશે. યુનિવર્સિટી સાચા અર્થમાં યુનિવર્સિટી ત્યારે ન બને છે જયારે સમગ્ર વિશ્વના દિગ્ગજનો યુનિવર્સિટીના પ્લેટફોર્મ પર આવે ત્યારે યુનિવર્સિટી સાચા અર્થમાં યુનિવર્સિટી કહેવાય છે. આપણે સૌ જાણીએ છીએ કે, જુદા જુદા અનેક સ્ત્રોત રચાયાં છે, અને એ સ્ત્રોતમાંથી આજે આપણે એક ઉત્તમ પ્રકારનું સ્તોત્ર એવા 'શિવમહિમ્નસ્તોત્ર' વિશે વાત કરવાની મનુસ્મૃતિમાં ભગવાન મનુએ એમ કહ્યુ છે જે લોકોની ઈચ્છા ધર્મ વિશે જાણવાની છે, જ્ઞાન કર્મ ભકિત ધર્મ વગેરે જાણવાની જેમની ઈચ્છા છે એમણે વેદોનો અભ્યાસ કરવો જોઈએ કારણ કે વિશ્વમાં જેટલું સાહિત્ય જેટલું પણ જ્ઞાન પ્રવાહિત થયું છે એ બધું જ જ્ઞાન વેદોમાંથી આવેલું છે. અને સંસ્કૃતનાં વિવિધ વાકય વિવિધ રચના વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુનિવર્સિટીના ઓફિસીયલ ફેસબુક પેઝ અને યુટયુબ ચેનલ પર કરવામાં આવ્યું

હતું. વેબિનારને ફેસબુક પર ૨૪૦૦ લોકોએ નિહાળ્યો હતો. વેબિનારમાં રજિસ્ટ્રેશન કરી ફિડબેક ફોર્મ ભરનારને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.






## Soft Skill is Real Strength : વેબિનાર

તા. ૨૭ મે, ૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે એન.એસ.એસ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ઓનલાઈન વેબિનાર 'Soft Skill is Real Strength'નું આયોજન કરવામાં આવેલ હતું. આ સંગોષ્ઠીમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વકતા તરીકે શ્રી કાનજીભાઈ ભાલાળા, (ચેરમેન, બોર્ડ ઓફ મેનેજમેન્ટ) અને કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક દ્વારા કાર્યક્રમના મુખ્ય વકતા, કાર્યક્રમના અધ્યક્ષ, સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ અધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તથા વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી જોડાયેલા તમામ લોકોના સ્વાગત દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક અને અધ્યક્ષીય ઉદબોધન કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે મુખ્ય વકતા શ્રી કાનજીભાઈ ભાલાળાનું અને વેબિનારમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે હાજર સૌનું સ્વાગત કર્યુ હતું અને જણાવ્યું હતું કે, આગામી સમયમાં યુનિવર્સિટી Soft Skillનું એક અલગ ભવન શરૂ કરવા જઈ રહ્યું છે. આ વર્ષે આપણી યુનિવર્સિટી ૩૦૦ જેટલા વેબિનાર કરવા જઈ રહી છે. જેનો લાભ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા અઢી લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ રીતે લાભ મળવા વઈ રહ્યો છે.

ત્યાર બાદ કાર્યક્રમના મુખ્ય વકતાશ્રીએ સૌનું અભિવાદન કરતાં જણાવ્યું હતું કે, માણસની ખરી તાકાત છે એ એની Soft Skill/વ્યવહાર કુશળતા છે. જે દિવસે વિદ્યાર્થીઓ ટેકનિકલ Skill અને Soft Skill વચ્ચેનો ભેદ સમજી જશે તે દિવસે તેનો અભિગમ બદલાઈ જશે. સોફટ સ્કિલ અંગે ગુજરાતી ભાષામાં ગુજરાતમાં આ પ્રથમવાર વેબિનાર થઈ રહ્યો છે.

આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુનિવર્સિટીના ઓફિસીયલ ફેસબુક પેઝ અને યુટયુબ ચેનલ પર કરવામાં આવ્યું હતું. વેબિનારને ફેસબુક પર ૨૬૦૦ અને યુટયુબ પર ૧૦૦૦ લોકોએ નિહાળ્યો હતો. વેબિનારમાં રજિસ્ટ્રેશન કરી ફિડબેક ફોર્મ ભરનારને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.









## સબીજ નિર્બીજ પ્રાણાયામ : વેબિનાર





તા. ૨૮ મે, ૨૦૨૧ના રોજ સાંજે ૪:૦૦ કલાકે એન.એસ.એસ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ઓનલાઈન વેબિનાર 'સબીજ નિર્બીજ પ્રાણાયામ'નું આયોજન કરવામાં આવેલ હતું. આ સંગોષ્ઠીમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વકતા તરીકે શ્રી શંભુ શરણ (યોગ ગુરુ, સામવેત ટ્રસ્ટ અને યોગ શાળા, મુંબઈ) અને કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક દ્વારા કાર્યક્રમના મુખ્ય વકતા, કાર્યક્રમના અધ્યક્ષ, સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ અધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તથા વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી જોડાયેલા તમામ લોકોના સ્વાગત દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે સૌ કોઈને દરરોજ ઓછામાં ઓછું અડધો કલાક પ્રાણાયામ અથવા યોગ કરવાની અપીલ કરી હતી.

પ્રાસંગિક ઉદબોધન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે મુખ્ય વકતા શ્રી શંભુ શરણ જહાનું અને વેબિનારમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે હાજર સૌનું સ્વાગત કર્યુ હતું અને તેમણે કહ્યું હતું કે, પ્રસિદ્ધ અભિનેત્રી મનિષા કોઈરાલાને કેન્સર થયું હતું. તેમાંથી પણ તેમને યોગ દ્વારા મુકિત મળી હતી. પોતાના નિયંત્રણ પદ્ધતિ અનુસાર શ્વાસ લેવા, ધીમે લેવો, કેવા પ્રકારે લેવો ? કેટલા સમય સુધી લેવો ? કેટલા સમયની કયા કયા અંતરે લેવો ? કયારે લેવો ? કયારેય છોડવો ? આજે પદ્ધતિ છે તેના પર આ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

ત્યાર બાદ કાર્યક્રમના મુખ્ય વકતાએ જણાવ્યું હતું કે, યોગ એ આપણા જીવનનો એક ખૂબ જ મહત્વનો ભાગ છે. ૧૦૦૦ પિતાનું હૃદય એક 'મા' માં હોય છે. ૧૦૦૦ 'મા'નું હૃદય એક ગુરુમાં હોય છે. અખિલ બ્રહ્માંડ અને મનુષ્ય શરીર એ પંચતત્વોથી બનેલું છે અને પ્રાણવાયુના કારણે જીવિત છે. પશુ–પક્ષીથી લઈને જેટલા પણ જીવ–જંતુ છે એ જીવનની કલ્પના જ નથી કરી શકતા. એટલે જ પ્રાણાયામનું એક વિશેષ મહત્વ છે.

વેબિનારના અંતે પ્રશ્નોતરી કરવામાં આવી હતી, જેમાં શ્રી શંભુ શરણ જહાજીએ તમામ પ્રશ્નોના ઉત્તરો આપ્યાં હતા. આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુનિવર્સિટીના ઓફિસીયલ ફેસબુક પેઝ અને યુટયુબ ચેનલ પર કરવામાં આવ્યું હતું. વેબિનારને ફેસબુક પર ૨૩૦૦ અને યુટયુબ પર ૪૦૦૦ લોકોએ નિહાળ્યો હતો. વેબિનારમાં રજિસ્ટ્રેશન કરી ફિડબેક ફોર્મ ભરનારને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.









## Resume Writing : વેબિનાર




તા. ૩૧ મે, ૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે એન.એસ.એસ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ઓનલાઈન વેબિનાર 'Resume Writing'નું આયોજન કરવામાં આવેલ હતું. આ વેબિનારમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વક્તા તરીકે શ્રી શહેજાદ બોદિલા (Corporate Trainer) અને કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુક દ્વારા કાર્યક્રમના મુખ્ય વક્તા, કાર્યક્રમના અધ્યક્ષ, સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ અધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તથા વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી જોડાયેલા તમામ લોકોના શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ વેબિનારની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

પ્રાસંગિક અને અધ્યક્ષીય ઉદબોધન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા જણાવવામાં આવ્યું હતું. તેમણે મુખ્ય વક્તા શ્રી શહેજાદ બોદિલાનું અને વેબિનારમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે હાજર સૌનું સ્વાગત કર્યુ હતું અને જણાવ્યું હતું કે, વેબિનાર દ્વારા છેવાડાના ગામના વિદ્યાર્થીઓને આ વિષે માર્ગદર્શન મળશે તેવી આશા વ્યક્ત કરી હતી.

મુખ્ય વક્તાએ હાજર તમામ અધિકારીશ્રીઓ અને તમામ લોકોનો અભિવાદન કરતાં જણાવ્યું હતું કે, રિઝ્યુમ બનાવતી વખતે વિદ્યાર્થીઓને સૌથી મોટો પ્રશ્ન એ જ હોય છે કે શું લખવું ? અને કઈ રીતે બનાવવું ? જ્યારે તમે કોઈપણ જગ્યાએ નોકરી મેળવવા માટે અરજી કરો છો ત્યાં તમે પહેલા નથી પહોંચતા, તમારું રિઝ્યુમ પહેલાં પહોંચી જાય છે અને એ રિઝ્યુમ તમારો અરીસો છે First impression is last impression. તેમણે રિઝ્યુમ કઈ રીતે બનાવવું, શું લખવું તેના વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુનિવર્સિટીના ઓફિસીયલ ફેસબુક પેઝ અને યુટ્યુબ ચેનલ પર કરવામાં આવ્યું હતું. વેબિનારને ફેસબુક પર ૨૧૦૦ અને યુટ્યુબ પર ૩૧૦૦ લોકોએ નિહાળ્યો હતો. વેબિનારમાં રજિસ્ટ્રસશન કરી ફિડબેક ફોર્મ ભરનારને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યાં હતા.









## Organic Farming : વેબિનાર

તા. ૨ જુન, ૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે એન.એસ.એસ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ઓનલાઈન વેબિનાર 'Organic Farming'નું આયોજન કરવામાં આવેલ હતું. આ સંગોષ્ઠીમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વકતા તરીકે ડૉ. આનંદ કસવાલા (એસોસિએટ પ્રોફેસર એન્ડ હેડ (NRM & Organic Farming Cell) ASPEE College of Horriculture & forestry, Navsari) અને કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ઘડુક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ઘડુક દ્વારા કાર્યક્રમના મુખ્ય વકતા, કાર્યક્રમના અધ્યક્ષ, સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ અધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તથા વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી જોડાયેલા તમામ લોકોના સ્વાગત દ્વારા કરવામાં આવ્યું હતું.


તેમણે જણાવ્યું હતુ કે, આપણે જોઈ રહ્યા છે કે બજારમાં હાલ જે ચીજ વસ્તુ આવે છે એ મોટેભાગે જંતુનાશક દવા અથવા રાસાયણિક ખાતરનો ઉપયોગ કરીને બનાવવામાં આવતી હોય છે. જેના કારણે આપણે કેટલીક મહામારી અને રોગનો ભોગ બનતા હોઈએ છીએ. આ આજનો આ વેબિનારનો વિષય ખેતી સાથે જોડાયેલ સૌ લોકો તેમજ લોક જાગૃતિ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

પ્રાસંગિક અને અધ્યક્ષીય ઉદબોધન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે મુખ્ય વકતા ડૉ. આનંદ કસવાલાનું અને વેબિનારમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે હાજર સૌનું સ્વાગત કર્યુ હતું અને જણાવ્યું હતું કે, તન અને મન કમજોર થવાનું મુખ્ય કારણ છે આહાર, પાણી અને વાયું. તેમાં આહાર એ એક મુખ્ય ભાગ ભજવે છે. શરીરને સ્વસ્થ રાખવા માટે સૌથી અગત્યનું તત્વ ખોરાક છે. તનને સ્વસ્થ રાખીશું તો મન આપોઆપ જ સ્વસ્થ રહેશે. દુનિયાના તમામ લોકોને મુખ્યત્વે ઓર્ગેનિક ખોરાકની જરૂર છે.

ત્યાર બાદ મુખ્ય વકતાશ્રીએ સૌનું અભિવાદન કરતાં જણાવ્યું હતું કે, શા માટે ઓર્ગેનિક ફાર્મિંગની જરૂર પડી, શા માટે લોકો ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વળી રહ્યા છે. સમય જતાં કેમિકલની શોધ થતી ગઈ. યુરિયા ખાતરની શોધ થઈ અમુક રસાયણ શોધાયા. જેના કારણે પાકને ઘણું નુકસાન થતું તેમજ આ પાકને આરોગનાર વ્યકિતના શરીર પર ગંભીર અસર થતી હતી. તેના માટે ઓર્ગેનીક ફાર્મીગ જ એકમાત્ર સરળ ઉપાય છે.

આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુનિવર્સિટીના ઓફિસીયલ ફેસબુક પેઝ અને યુટયુબ ચેનલ પર કરવામાં આવ્યું હતું. વેબિનારને ફેસબુક પર ૧૦૦૦ અને યુટયુબ પર ૨૧૦૦ લોકોએ નિહાળ્યો હતો. વેબિનારમાં રજિસ્ટ્રેશન કરી ફિડબેક ફોર્મ ભરનારને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.







## સાહિત્યમાં આરોગ્ય : વેબિનાર

તા. ૩ જુન, ૨૦૨૧ના રોજ સાંજે ૪:૦૦ કલાકે એન.એસ.એસ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ઓનલાઈન વેબિનાર 'સાહિત્યમાં આરોગ્ય'નું આયોજન કરવામાં આવેલ હતું. આ સંગોષ્ઠીમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વકતા તરીકે શ્રી ધર્મેશભાઈ મહેતા (નડિયાદ વિભાગ કાર્યવાહ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ધર્મજાગરણ, પ્રાન્ત સંયોજક) અને કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ઘડુક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવી હતી. તેમણે કાર્યક્રમના મુખ્ય વકતા, કાર્યક્રમના અધ્યક્ષ, સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ અધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ,

કર્મચારીઓ તથા વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી જોડાયેલા તમામ લોકોના શાબ્દિક સ્વાગત કર્યું હતું.





ત્યાર બાદ કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી ધર્મેશભાઈ મહેતાએ 'સાહિત્યમાં આરોગ્ય' વિષય પર વિસ્તૃત ચર્ચા કરતા જણાવ્યું હતું કે, મનુષ્ય તરીકે જન્મ્યા ત્યારથી જ જ્ઞાન પ્રાપ્ત કરવું એ આપણું લક્ષ્ય હોય છે. ભા એટલે જ્ઞાન, શ્રેષ્ઠતા, તેજસ્વિતા એમાં જે રત છે, એવો જ પ્રદેશ છે, એવી જે ભૂમિ છે, એ ભારત છે. જયારથી આજીવન અથવા જીવ સૃષ્ટિનો આરંભ થયો છે. ત્યારથી શરૂ થઈ અને આજ મનુષ્ય પોતાના આરોગ્ય કેવી શ્રેષ્ઠ રાખીશું અને તેના આધારે સમાજની સેવા કઈ રીતે થઈ શકશે તેના પ્રયાસ થતાં આવ્યાં છે. આજે લોકોને મીઠું, મરચું, મસાલા બધું જ ખાવું છે. તીખા તમતમતા પદાર્થો ખાવા છે. તો તમને ચર્મ રોગ થવાના જ છે એટલે ઓછું મીઠું પ્રમાણસર મીઠું એનું નામ છે. સમરસ બધા આહારમાં જે રસની જરૂર હોય છે એ સમરસ છે. તેમજ આરોગ્ય એ સાહિત્ય સાથે કઈ રીતે સંકળાયેલું છે તેની વિશિષ્ટ માહિતી તેમણે આ વેબિનારના માધ્યમથી પૂરી પાડી હતી. જેનો લાભ સમાજના તમામ વર્ગોને મળી રહે, અંતિમ છેવાડામાં વસવાટ કરતી વ્યકિત સુધી પહુંચ્યો હતો.

કાર્યક્રમની આભારવિધિ અને અધ્યક્ષીય ઉદબોધન કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડુકે કરીને મુખ્ય વકતા શ્રી ધર્મેશભાઈ મહેતાનું અભિવાદન કર્યુ હતું. તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, ડૉ. ભરત ઠાકોરને વેબિનારની શ્રેણી સતત ચલાવવા માટે પ્રેરણા પૂરી પાડી હતી અને આવા વિષયો વિદ્યાર્થીઓને અને સમાજને ઉપયોગી થશે તેવી આશા વ્યકત કરી હતી. અને જેમણે આ વેબિનારને વિવિધ માધ્યમોથી લાઈવ નિહાળ્યો તે વિદ્યાર્થી મિત્રો, પ્રાધ્યાપકો, યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓ તમામ અભિવાદન કર્યુ હતું.

આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુનિવર્સિટીના ઓફિસીયલ ફેસબુક પેઝ અને યુટ્યુબ ચેનલ પર કરવામાં આવ્યું હતું. વેબિનારને ફેસબુક પર ૧૧૦૦ અને યુટ્યુબ પર ૩૮૦૦ લોકોએ નિહાળ્યો હતો. વેબિનારમાં રજિસ્ટ્રેશન કરી ફિડબેક ફોર્મ ભરનારને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.







## વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે તા. ૦૫ જૂન ૨૦૨૧ના રોજ સુરતથી ૨૭ કી.મી. દૂર આવેલ શ્રી મોરારજી દેસાઈ જન્મશતાબ્દી સેવા પ્રતિષ્ઠાન, મોજે. પોંસરા, તા. જલાલપુર, જી. નવસારી ખાતે આવેલ પરિસર યુનિવર્સિટીને નેચરોપથી ઉપચાર કેન્દ્ર વગેરે હેતુ માટે આપવામાં આવેલ તે સ્થળ પર સવારે ૧૦:૦૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને યુનિવર્સિટીના સેનેટ સિન્ડિકેટના સભ્યશ્રી હસમુખભાઈ પટેલ તથા નવસારી સાયન્સ કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. ફરીદાબેન મીનોચેહેર્મજી તથા ઉપાચાર્યશ્રી ડૉ. અલ્કેશ શાહ ઉપસ્થિત રહ્યા

હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ભારતીય પરંપરાના પ્રતિક એવા વડ, પીપળો, લીમડો જેવા વૃક્ષો રોપવામાં આવ્યાં હતા. તેની સાથોસાથ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા નવનિયુક્ત સિન્ડિકેટ સભ્યશ્રી હસમુખભાઈ પટેલનું અભિવાદન કરવામાં આવ્યું હતું.











## વૃક્ષારોપણ કાર્યક્રમ






હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને પોંસરા ખાતે શ્રી મોરારજી દેસાઈ જન્મશતાબ્દી ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીને ૨૫ વિંઘા જમીન અને બાંધકામ સાથેનું કેમ્પસ દાનમાં આપેલ છે. આ કેમ્પસમાં વિકાસ માટેની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

બે દિવસ પહેલા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. તા. ૭–૬–૨૦૨૧નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને ઓરો યુનિવર્સિટી દ્વારા સંયુકત ઉપક્રમે નવા કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો. વૃક્ષારોપણના કાર્યક્રમમાં ઓરો યુનિવર્સિટીના ડીન એકેડેમિક ડૉ. રોહિત સિંઘ, સ્કૂલ ઓફ હોસ્પીટાલીટી મેનેજમેન્ટના અધ્યક્ષ અમરીશ મિશ્રા તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સીલના ડીન તથા ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. કિશોર પોરીયા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર

ડૉ. ભરત ઠાકોર તથા એન.એસ.એસ.નાં સ્વયંસેવકો દ્વારા ૫૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ નવું કેમ્પસ કુદરતના સાન્નિધ્યમાં હરિયાળું બને અને નજીકનાં ભવિષ્યોમાં કેમ્પસનો વિકાસ ઝડપથી થાય તે માટે આગામી સમયમાં જુદા જુદા વિભાગો તથા ફિલ્ડવર્ક માટેની વ્યવસ્થા માટેના ચક્રો ગતિમાન થયા છે.





## ડીન, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સિલ

માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર અન્ય આદેશ ન થાય ત્યાં સુધી તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે ડીન, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સિલ (સી.ડી.સી.) જગ્યાનો વધારાનો હવાલો ડૉ. કે.સી.પોરીયા, પ્રોફેસર એન્ડ હેડ, ભૌતિકશાસ્ત્ર વિભાગનો અનુસ્નાતક વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતને સોંપવામાં આવે છે.

## Incharge Head

Pursuant to the order of the Hon'nle Vice Chancellor, It is hereby notified that Dt. Surabh Keshavbhai Patel, Pforessor, Department of Chemistry has been appointed as an incharge Head to the Department with effect form 15-06-2021.

## પ્રવેશ કાર્યવાહી

ધોરણ–૧૨ સાયન્સ, કોમર્સ, આર્ટ્સ પછી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ ડિપાર્ટમેન્ટસમાં ચાલી રહેલા અભ્યાસક્રમોમાં પ્રવેશ–કાર્યવાહી તા.૨૧–૬–૨૦૨૧ પછી હાથ ધરવામાં આવશે. તા. ૨૧–૬–૨૦૨૧ પછી પ્રવેશ કાર્યવાહી અંગેની તમામ માહિતીઓ સરળ ભાષામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે જાહેર કરવામાં આવશે.

## માનસિક સ્વાસ્થ્ય સંદર્ભે હેલ્પલાઈન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના વડાશ્રીઓ, અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા તમામ અધ્યાપકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થી ભાઈ–બહેનોને જણાવવાનું કે, નોવેલ કોરોના વાઈરસ COVID-19 કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાઈરસના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય અને આંશિક લોકડાઉનની પરિસ્થિતિમાં સૌ કોઈ બને ત્યાં સુધી ઘરમાં રહે અને તમામ જનજીવનનું આરોગ્ય અને માનસિક સ્વાસ્થય સારુ રહે તે ખૂબ જ જરૂરી છે.

હાલ વિશ્વમાં આ કોરોના બીજી લહેર ખૂબ જ ઘાતક છે જેના કારણે પરિસ્થિતિ ઘણી વિકટ બની છે અને આપણે સૌ પોત–પોતાના ઘરમાં લોકડાઉન છીએ ત્યારે કોરોના વાઈરસનો ડર ઘણી બધી સમસ્યાઓ ઉત્પન્ન કરી રહયો છે. લોકોમાં ચિડિયાપણું, એકલતા, બેચેની, નિરાશા, ગુસ્સો, આક્રમકતા, અનિંદ્રા, અતિ ખોરાક વગેરે જેવી અનેક સમસ્યાઓ જોવા મળી છે. આ સમસ્યાઓના નિવારણ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કાર્યરત મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા માનસિક સ્વાસ્થય હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં અધ્યાપકશ્રીઓ દ્વારા નિઃસ્વાર્થભાવે તેમની અનુકૂળતા મુજબ ટેલીફોનિક કાઉન્સેલિંગ સેવાઓ પૂરી પાડવામાં આવશે. જેથી આપ સર્વે પોતાની માનસિક સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓનું નિવારણ ટેલિફોનિક કાઉન્સેલિંગ દ્વારા મેળવી શકો છો.

સ્વસ્થ મન થકી સ્વસ્થ વ્યકિત–સમાજ–રાજય–દેશ અને વિશ્વની રચના એ જ અમારું ધ્યેય.

### હેલ્પલાઈન નંબર

૧. ડૉ. રૂદ્રેશ એમ.વ્યાસ – ૯૮૭૯૫૩૪૯૧૯ (સુરત)
૨. ડૉ.ભરત પાઠક – ૯૮૨૫૬૪૮૫૨૭ (સુરત)
૩. ડૉ. પત્રલેખા બારડ – ૯૮૨૫૦૯૭૧૯૦ (સુરત)
૪. ડૉ.કીર્તિબેન ઠાકર – ૯૩૨૮૯૬૨૧૭૮ (સુરત)
૫. ડૉ. બાલી ભલાણી – ૭૯૯૦૪૭૫૬૩૦ (સુરત)
૬. શ્રી બી.બી.ધિવર – ૯૪૨૬૮૮૯૫૬૭ (ભરૂચ)
૭. ડૉ. જયોતિ જોષી – ૯૮૨૫૧૬૯૧૬૫ (વલસાડ)
૮. ડૉ.પારૂલ દેસાઈ – ૯૬૮૭૯૯૨૪૪૭ (ધરમપુર)
૯. ડૉ. અશ્વિન શર્મા – ૯૬૦૧૦૦૫૦૬૭ (નવસારી)

**નોંધ:** આ હેલ્પલાઈન માત્ર કોરોના પ્રભાવિત માનસિક સમસ્યાઓ નિવારવા માટે શરૂ કરવામાં આવી છે. તે સિવાયની બાબતો માટે અન્ય હેલ્પલાઈન પર સંપર્ક કરવાનો રહેશે. કોરોના વાઈરસ સંદર્ભે કોઈ અફવા કે ખોટા સમાચાર ના ફેલાય તેની ખાસ તકેદારી રાખવી.

## જાહેરનામું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના એકટની કલમ 15 (X) અન્વયે અને સ્ટેટ્યૂટ ૨૦૧ની જોગવાઈ પ્રમાણે તા. ૧–૪–૨૦૨૧ થી તા. ૩૧–૩–૨૦૨૨ ના નાણાકીય વર્ષ માટે પુનઃનિર્મિત થતી બોર્ડ ઓફ એકાઉન્ટસ પર સ્ટેટ્યૂટ ૧૯૭ અન્વયે એક સભ્યશ્રીએ ઉમેદવારી પત્રક ભરેલ હતું, જે માન્ય રહેતા સ્ટેટ્યૂટ ૨૦૨ અન્વયે સિન્ડિકેટ દ્વારા સિન્ડિકેટની તા. ૨૭/૦૫/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૭ થી નીચે મુજબના ચાર સભ્યોની નિયુક્તિ કરેલ હોય, સદર ચાર સેનેટ સભ્યશ્રીઓને નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ માટે અથવા તેઓશ્રી સેનેટ સભ્યપદે ચાલુ રહે તે બેમાંથી જે પ્રથમ હોય ત્યાં સુધીના સમય માટે તેમને બોર્ડ ઓફ એકાઉન્ટસના સભ્ય જાહેર કરવામાં આવે છે.

(૧) ડૉ. ભંડારી ભરતભાઈ ભગવાનદાસ, ઝેડ.એફ.વાડીયા વીમેન્સ કોલેજ એન્ડ એન.કે.જોહટા કોલેજ ઓફ કોમર્સ, અઠવાલાઈન્સ, સુરત.

(૨) શ્રી શર્મા સંકેત લલીતકુમાર, એ–૯, શાંતિપાર્ક સોસાયટી, જીએનએફસી રોડ, જીઆઈડીસી પાસે, તા.ભોલાવ, જિ.ભરૂચ

(૩) શ્રી મહિડા વિરેન કિશોરસિંહ, બંગલા નં–૧, પંચવટી સોસાયટી, અઠવાલાઈન્સ, સુરત.

(૪) શ્રી રાજયગુરૂ નિતેષભાઈ લાભશંકર, લેટ સુરેશ વિદ્યામંદિર, માધ્યમિક શાળા, (મણીબા સ્કુલ), યમુનાપાર્ક, ડભોલી રોડ, સુરત.

## પ્લેસમેન્ટ, ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ સેલ


યુનિવર્સિટી કાર્યાલયના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમો/પ્રોગ્રામના કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા વહીવટી વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી પ્લેસમેન્ટ સેલનું નામાભિધાન " પ્લેસમેન્ટ, ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ સેલ" કરવામાં આવે છે.

સદર સેલ દ્વારા યુનિવર્સિટીના તમામ કાયમી, કરાર આધારિત, રોજમદાર અને પ્રતિ કલાક ધોરણે કામગીરી કરનાર વહીવટી કર્મચારીઓ અને કરાર આધારિત ટીચિંગ આસિસ્ટન્ટ તથા વીઝીટીંગ ફેકલ્ટીઓ વગેરે માટે નિયમિત ધોરણે તાલીમ કાર્યક્રમનું તેમજ પ્લેસમેન્ટ અને HRMS માં ડેટા તૈયાર કરવાનું આયોજન કરવામાં આવશે.

## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### નેશનલ વેબિનાર






જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી દ્વારા તા. ૨૨, એપ્રિલ ૨૦૨૧ ગુરૂવારના રોજ "કોવિડ–૧૯ના સમયમાં રકતદાન અને પ્લાઝમા દાનનું મહત્વ" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagram ના માધ્યમથી ૪પમાં નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં મુખ્ય વકતા તરીકે સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરના વહીવટી અધિકારીશ્રી પરિમલ વ્યાસ અને ડાયરેકટરશ્રી ડૉ. સુમિત ભરડવા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કોલેજના ૬૧૧૭ જેટલા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. શ્રી પરિમલ વ્યાસે રકતદાનના મહત્વ વિશે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, કોવિડ–૧૯ પરિસ્થિતિમાં રકતની માંગ ખૂબ જ મોટા પ્રમાણમાં ઉભી થઈ છે. વિવિધ દાતાઓ દ્વારા ગયા વર્ષની સરખામણીમાં ૪૦ % રકતદાન ઘટ્યું છે. હાલની પરિસ્થિતિમાં રકતની અછતને લીધે ઘણા ઓપરેશન મુલતવી રાખવા પડયા છે. તેમણે લોકોને મોટી સંખ્યામાં રકતદાન કરવા હાંકલ કરી હતી. તેમણે જણાવ્યું કે, કોઈ પણ

તંદુરસ્ત વ્યકિત દર ત્રણ મહિને રકત આપી શકશે. રકતદાનને સૌથી શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે. શ્રી પરિમલ વ્યાસે જણાવ્યુ કે, વેકસીનેશન એટલે કે કોરોનાની રસી મુકાવતા પહેલા અવશ્ય રકતદાન કરવું જોઈએ કારણ કે રસી લીધાના ૨૮ દિવસ સુધી રકતદાન કરી શકાય નહી. પ્લાઝમાના મહત્વ વિશે સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરના ડાયરેકટરશ્રી ડૉ. સુમિત ભરડવાએ માર્ગદર્શન આપ્યું હતું. કોરોનાની પરિસ્થિતિમાં કોવિડ દર્દીની સારવારમાં પ્લાઝમા થેરાપીને એક ઉપયોગી થેરાપી માનવામાં આવી છે. પ્લાઝમા થેરાપી ૧૨૦ વર્ષ કરતાં વધુ જુની પધ્ધતિ છે. જયારે દુનિયામાં એન્ટિબાયોટિક દવાની શોધ ન થઈ હતી ત્યારે પણ એક દર્દીની એન્ટિબોડી કાઢી બીજા દર્દીને આપવામાં આવતી હતી. પ્લાઝમાં એક પ્રકારની એન્ટિબોડી જ છે. જે રકતમાંથી શ્વેતકણ કાઢી પ્લાઝમાને અલગ કરવામાં આવે છે. કોઈ પણ સાજા થયેલો કોરોનાનો દર્દી ૨૮ દિવસથી ૬ મહિના સુધી પ્લાઝમાનું દાન કરી શકશે. પ્લાઝમા દર ૧૫ દિવસે દાન કરી શકાય. સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરમાં પ્લાઝમા અને રકતદાન કરવા આવનાર દાતાઓની વિવિધ તપાસ કર્યા પછી જ પ્લાઝમા લેવામાં આવે છે. તેમણે સાજા થયેલા દરેક કોરોના દર્દીને પ્લાઝમાનું દાન કરવા માટે જણાવ્યું હતું. ઘણા લોકોમાં એવી ગેરમાન્યતા છે કે જો શરીરમાંથી એન્ટિબોડી કાઢી લેવામાં આવે તો તેમને ફરીથી કોરોના થવાનું જોખમ રહેશે પરંતુ તે એક ગેરસમજ છે. તેમણે જણાવ્યું કે, દરેક કોરોના દર્દીને પ્લાઝમાની જરૂર હોતી નથી એક ડોકટર જ નકકી કરી શકે કે દર્દીને પ્લાઝમાથી ફાયદો થશે કે નુકશાન. પ્લાઝમાને બિનજરૂરી આપવાથી નુકશાન પણ થઈ શકે છે.

તેમણે દર્શક મિત્રોના પ્રશ્નોના ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ.ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મેહુલ શાહે કરી હતી. વેબિનારનું સંચાલન જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ.સેજલ દેસાઈ, ડૉ.ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. YouTube Link: https://youtu.be/PYiK_5-cX6o

## નેશનલ વેબિનાર




જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૬ મે, ૨૦૨૧ ગુરૂવારના રોજ "કોરોના વાયરસ અને વેકસીનેશન વિશે ગેરસમજ અને હકીકત" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face book અને Instagramના માધ્યમથી ૪૬માં નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.આર.ડી.રાણાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. તેમણે વેકસીન લેતાં પહેલાં દરેક લોકોને રકતદાન કરવા જણાવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, કોરોનાના કપરા સમયમાં વેકસીનેશન જ એકમાત્ર ઉપાય છે. જેનાથી આપણે કોરોના સંક્રમણની ચેનને તોડી શકીએ. કોરોના સામેના જંગમાં દરેક લોકોએ વેકસીન મૂકાવી પોતાને અને પરિવારને સુરક્ષિત રાખી કોરોનાના સંક્રમણની ચેઈનને તોડી શકાય છે. ડૉ. કે.એન.ચાવડાએ કોલેજની પ્રવૃત્તિઓની સરાહના કરી હતી અને અમરોલી કોલેજના દરેક સભ્યોનો આભાર માન્યો હતો. વેબિનારમાં મુખ્ય વકતા તરીકે એમ.ડી બાળરોગ નિષ્ણાત તેમજ ટાસ્ક ફોર્સ ગુજરાતના સભ્યશ્રી ડૉ. નિશ્ચલ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કોલેજના ૧૯૫૮ જેટલા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. આદરણીયશ્રી ડૉ. નિશ્ચલ ભટ્ટે તેમણે જણાવ્યું કે ૮૦ % લોકો કોરોનાથી હોમ આઈસોલેશન દ્વારા જ સ્વસ્થ થઈ જાય છે. હોમ આઈસોલેશન થઈ ઘરે જ સારવાર લેતા દર્દીએ વિડિયો કોન્ફરન્સ દ્વારા સતત ડોકટરના સંપર્કમાં રહેવું જોઈએ. કોઈપણ પ્રકારની દવા તેમજ રિપોર્ટ ડોકટરની સલાહ વગર ન લેવા જોઈએ. રોગપ્રતિકારક શકિત વધારવા તાજા શાકભાજી, ફળ તેમજ સંપૂર્ણ આહાર લેવો જોઈએ. યોગ્ય આહાર, પૂરતા પ્રમાણમાં પ્રવાહી તેમજ યોગ અને પ્રાણાયમ દ્વારા રોગપ્રતિકારક શકિતમાં વધારો કરી શકાય છે. તેમણે જણાવ્યું કે ભારતની વેકસિન સલામત છે. કોઈ આડઅસર નથી. વેકસીન લીધા પછી તાવ આવવો, શરીરમાં કડતર રહેવી એ સામાન્ય બાબત છે. જે ૪૮ કે ૭૨ કલાકમાં પેરાસીટામોલ દવા લેવાથી દૂર થઈ જશે. વેકસીન લીધા પછી રોગપ્રતિકારક શકિત ઓછી થઈ જાય એ એક ગેરસમજ છે. તેમણે એમ્બેસેડર બની વડીલોને રસીકરણ ઝુંબેશમાં રસી લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

રસીની કોઈ આડઅસર નથી. રસી મૂકાવ્યા બાદ પોતે અને પરિવારના સભ્યો સલામત રહે છે. તેમણે માસ્ક કેવી રીતે પહેરવા જોઈએ, સોશિયલ ડિસ્ટન્સ રાખી સેનેટાઈઝરના યોગ્ય ઉપયોગ વિશે ચર્ચા કરી હતી. તેમણે કોરોના વાયરસ કઈ રીતે ફેલાય છે તે અને તેને કઈ રીતે અટકાવી શકાય તેના વિશે પ્રવર્તતી ગેરસમજ અને હકીકતો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેમણે દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય મહેમાન અને મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. સેજલ એ. દેસાઈ તેમજ આભારવિધિ ડૉ. મયંક સોઢાએ કરી હતી. વેબિનારનું સંચાલન જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, અમરોલી કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. આર.ડી.રાણા, ડૉ.સેજલ દેસાઈ, ડૉ.ચિરાગ સિધ્ધપુરીયા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## Vidhyadeep Institute of Nursing , Anita (Kim).

### આંતરરાષ્ટ્રીય નર્સિસ દિવસ ૨૦૨૧

તા. ૧૨–૫–૨૦૨૧ આંતરરાષ્ટ્રીય નર્સિસ દિવસના અનુસંધાન પર વિદ્યાદીપ નર્સિંગ કોલેજના ટ્રસ્ટીશ્રી જયંતીભાઈ પટેલ, શ્રી હિરેનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેકટર શ્રી મુકુન્દભાઈ તથા એકેડમિક ડાયરેકટરશ્રી અજય શાહે વિદ્યાદીપ સંસ્થામાં અભ્યાસ કરતા તમામ નર્સિંગના વિદ્યાર્થીઓ તથા નર્સિંગ કોલેજના શિક્ષકોને શુભકામના આપી તથા નર્સિંગની કામગીરીને માનવસેવામાં સમર્પિત વ્યવસાય તરીકે બતાવવામાં આવ્યું હતું.

ટ્રસ્ટીશ્રીએ જણાવ્યું કે, આજનો દિવસ આપણે બધાને ગૌરવનો અનુભવ કરાવતો દિવસ છે, જયારે આખું વિશ્વ કોરોના જેવી ભયાનક મહામારીના ડરથી પોતપોતાના ઘરોમાં કેદ રહ્યા હતા ત્યારે નર્સિંગના બધા કર્મચારી તથા નર્સિંગના વિદ્યાર્થીઓ પોતાની જીંદગીની પરવા કર્યા વગર હોસ્પિટલમાં સેવા કરવા માટે તત્પર રહ્યા હતા.

આચાર્ય શ્રી. કલ્પેશ જૈન દ્વારા જણાવવામાં આવ્યું કે, સંસ્થામાં બી.એસ.સી.નર્સિંગ, પોસ્ટ બેઝીક બી.એસ.સી. નર્સિંગ, જી.એન.એમ. અને એ.એન.એમ. જેવા નર્સિંગ કોર્ષ ચાલી રહ્યા છે તથા તમામ કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કોવિડ હોસ્પિટલ અને કોવિડ કેર સેન્ટર જેવા કે ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરત, ઈન્ડિયન નીપોન સ્ટીલ, હજીરા, રાધા સ્વામી સત્સંગ કોવિડ સેન્ટર તથા અન્ય હોસ્પિટલ ફરજ નિભાવી રહ્યા છે. આ દિવસ આધુનિક નર્સિંગની જનમદાત્રી સુ.શ્રી.ફલોરેન્સ નાઈટેંન્ગલ જેમનો જન્મ તા. ૧૨–૦૫–૧૮૨૦ના રોજ થયો હતો. જેમણે પોતાની આખી જિંદગી નર્સિંગની કામગીરી માટે સમર્પિત કરેલ હતી તથા નર્સિંગ વ્યવસાયને નર્સિંગ પ્રોફેશન નામ આપતા તેને નવી ઉંચાઈએ પહોંચાડયું હતું.






## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### નેશનલ કોન્ફરન્સ

તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, મહિલા બી.એડ. કોલેજ ભરૂચ દ્વારા રાજય કક્ષાની ઓનલાઈન ચાર દિવસીય "Educational Conference" વિષય Importance and Presentation of Action Research પર તા. ૧૧ મે, ૨૦૨૧ થી તા. ૧૪ મે, ૨૦૨૧ દરમ્યાન આયોજીત કરવામાં આવી હતી. ઉદ્‌ઘાટન સમારોહના અતિથિ વિશેષ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈ તથા સમાપન સમારોહના મહેમાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ.જયેન્દ્રસિંહ પી. ગોહીલ અને મુખ્ય વકતાશ્રીઓ ડૉ.કલ્પેશભાઈ ટંડેલ તથા ડૉ.ઈન્તેખાબ અન્સારી આ સર્વે રાજય કક્ષાની ઓનલાઈન "Educational Conference"ની સફળતાના આધારસ્તંભ રહ્યા.





Educational Conference નો આરંભ ઉદ્ઘાટન સમારોહના અતિથિ વિશેષ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈના શુભેચ્છા સંદેશ દ્વારા તા. ૧૧ મે, ૨૦૨૧ના રોજ થયો હતો જેમાં તેઓએ શિક્ષકની વિશેષતા તથા તેના દાયિત્વ વિશે ખૂબ સુંદર પ્રેરણાદાયી વાત કરી. આ જ દિને "Educational Conference" વિષય Importance and Presentation of Action Researchના પ્રથમ ચરણની શરૂઆત થઈ. જેમાં મુખ્ય વક્તાશ્રીઓ ડૉ. કલ્પેશભાઈ ટંડેલ ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના વિષે ખૂબ ઊંડાણપૂર્વક વિવિધ દ્રષ્ટાંતો દ્વારા સમજ આપી. દ્વિતિય દિને ડૉ. કલ્પેશભાઈ ટંડેલે ક્રિયાત્મક સંશોધનના સોપાનો તથા ઉપકરણ વિશે રસપ્રદ વાત કરી. ત્રીજા દિવસે મુખ્ય વક્તાશ્રી ડૉ. ઈન્તેખાબ અન્સારીએ ક્રિયાત્મક સંશોધનમાં માહિતીનું એકત્રીકરણ, વિશ્લેષણ અને અનુકાર્ય વિષેની પાયાની બાબતોથી માંડીને ખૂબ વિસ્તૃત માર્ગદર્શન વિવિધ જાત–અનુભવોના માધ્યમથી સમજાવ્યું. અંતિમ દિને ડૉ. ઈન્તેખાબ અન્સારીએ ક્રિયાત્મક સંશોધનના ડોક્યુમેન્ટેશન તથા રજૂઆત વિશે ઓનલાઈન સ્ક્રીન શેરીંગના માધ્યમથી સુંદર સમજ આપી.

એ જણાવતાં ગર્વ અનુભવાય છે કે, આ Educational Conferenceમાં કુલ ૫૨૦ રજીસ્ટ્રેશન માત્ર ૫ દિવસના ટૂંકા ગાળામાં થયા. જેમાંથી આ દરેક દિવસોના અંતે Zoom Meet માં જોડાયેલા લગભગ ૩૫૦ જેટલા અને YouTube Live પર જોડાયેલ ૨૦ થી ૨૫ જેટલા બી.એડ., એમ.એડ.ના તાલીમાર્થીઓ, સંશોધકો, શાળાના શિક્ષકો, વિવિધ સંસ્થાઓના આચાર્યો, અધ્યાપકો, ડાયરેકટ તથા વિવિધ યુનિવર્સિટીઓના વિભાગીય વડાઓ તથા અધ્યાપકોએ ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના, સોપાનો તથા ઉપકરણ વિશે ગહન ચિંતન કરી પ્રશ્નોત્તરી દ્વારા મૂંઝવતી બાબતોનું નિરાકરણ મુખ્ય વક્તાશ્રીઓ સાથે સીધી ચર્ચાથી મેળવ્યું.


સંસ્થાએ આ ચાર દિવસીય ફળદાયી સમજ તથા ગહન ચર્ચાઓ હંમેશા સૌની સાથે રહે, જરૂરી જણાય આ વિચારો ફરીથી સાંભળી શકાય અને વાગોળી શકાય તે હેતુથી આખું જીવંત રેકોર્ડિંગ પોતાની YouTube Channel "Eduvibe" પર વૈશ્વિક ફલક પર મૂક્યું છે.

અંતિમ દિને સમાપન સમારોહના મહેમાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલના આશીર્વચન, સંસ્થાને શુભેચ્છા સંદેશ દ્વારા પૂર્ણ થયો.

આ રાજ્ય કક્ષાની ઓનલાઈન ચાર દિવસીય "Educational Conference" અગ્રણી માર્ગદર્શક તથા પ્રોત્સાહક સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા અને નિયામકશ્રી જાગૃતિબેન પંડયાનાં આયોજન મુજબ તમામ ટેકનીકલ સપોર્ટ, ઈ.ચા.આચાર્ય આશ્કાબેન શુકલ, સંચાલન અધ્યાપકશ્રી નિલેશભાઈ ઉપાધ્યાય, રજીસ્ટ્રેશન તથા સર્ટિફિકેટ પ્રા. હિમાંશુ પરમારે તમામ જવાબદારીઓ સુપેરે નિભાવી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવ્યો. સંસ્થા પરિવારે કાર્યક્રમ સાથે જોડાયેલ તમામનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરી શિક્ષણક્ષેત્રે યથાયોગ્ય યોગદાન આપતા રહેવાનો વિશ્વાસ વ્યકત કર્યો છે.

## One Day Online Workshop

તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજયુકેશન તથા મહત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ શિક્ષા પરિષદ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના સંયુકત ઉપક્રમે તા. ૨૧–૫–૨૦૨૧ના રોજ ONLINE એક દિવસીય કાર્યશાળાનું આયોજન Post COVID Psychology (Be A Corona Warrior) વિષય પર કરવામાં આવ્યું હતું. જેમાં Resource Person તરીકે ડૉ. ભાવેશ જસાની MGNCRE, Dept. of Higher Education, Govt. of India તરફથી ઉપસ્થિત રહ્યા હતા.




કાર્યશાળા Google Meet ના માધ્યમ દ્વારા બી.એડ. વિભાગના તાલીમાર્થીઓ માટે યોજવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં સરકારની સાથે યુવાનો જોડાઈ અને કોરોના વોરિયર તરીકે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ સમાજમાં વિકટ પરિસ્થિતિમાં પસાર થઈ રહેલા નાગરીકોને માનસિક રીતે મજબૂત થવામાં મદદરૂપ થઈ શકે. આ પરિસ્થિતિને પહોંચી વળવા યુવાનોને ૫ વિવિધ ટીમમાં વિભાજીત કરી વ્યવસ્થિત એકશન પ્લાન ઘડવામાં આવ્યો. જેમાં Vaccination Information ટીમ, COVID Patient Engagement ટીમ, Helping the Hospital ટીમ, Home Supplies ટીમ તથા Medical Supplies ટીમને વિવિધ કાર્યો તથા ફરજો સમજાવી તૈયાર કરવામાં આવી. વિવિધ ટીમ તૈયાર કરવા માટે તાલીમાર્થીઓ સાથે ડૉ. ભાવેશ જસાનીએ વિવિધ અનુભવો તથા કેસ ઉપર તાલીમાર્થીઓ સાથે જીવંત ચર્ચા કરી. આ ચર્ચામાં બી.એડ. વિભાગના શિક્ષા ત્રિપાઠી, ફિરદોસ હળદરવા, પટેલ સુમૈયા, વિધિ પુરાણી, પટેલ રીયા અને શ્વેતા તિવારીએ સક્રિય ભાગ ભજવ્યો.

કાર્યશાળામાં ડૉ. ભાવેશભાઈ જસાનીનું અભિવાદન સંસ્થાના ઈ.ચા.આચાર્યશ્રી આશ્કા શુક્લે કર્યુ. તથા સંસ્થા પરિવાર વતી તેઓએ આભાર પ્રા. નિલેષભાઈ ઉપાધ્યાયે માન્યો. સંસ્થા પરિવાર તથા તાલીમાર્થીઓ તરફથી સરકારને સહયોગ આપવા માટે પૂરતી તૈયારીઓ દર્શાવવામાં આવી.

## Shree Morarji Ranchhodji Desai Arts College, Vapi

### Isolation Ward



Shree Morarji Ranchhodji Desai Arts College has provided 50 beds in their campus to serve as isolation ward for the COVID patients' informed Dr. Jayantibhai S. Chaudhary Principal Shree Morarji Ranchhodji Desai Arts College, Vapi, Gujarat. He made this observation during the workshop on Swachchta Action Plan (SAP) organized by Mahatma Gandhi National Council of Rural Education (MGNCRE) in Department of Higher Education within Ministry of Education in Government of India on 30th April 2021. Dr Chaudhary along with faculty members and students from the college participated in the workshop. Dr Bhavesh Jasani was the Resource Person. PMO India Ministry of Education.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Anniversary

C. N. Kothari Homoeopathic Medical College celebrated 11th Death Anniversary of founder trustee & great visionary of C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Dr. Markand Bhatt. On this Occasion Members of Trust, Dr. Ajaybhai Desai (Honorable Chief Executive Director) Dr. Jyoti Rao (Principal) & All Staff Members paid floral tribute to him. To mark this day a Webinar on subject of "Knowing mind in Homoeopathy" by Renowned Homoeopath Dr. Manoj Patel from Mumbai was organized where large numbers of students. faculty Members & HMAI Members of Vyara Unit Participated interacted & learned basics of mind.

This event was successfully organized by Activity Committee & Seminar Committee under guidance of Principal Dr. Jyoti Rao.





## વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી વૃત્ત

સાભાર: www.cialive.in સાચી માહિતી અને સચોટ સમાચાર

# વીર નર્મદ યુનિવર્સિટીમાં કોરોના ટેસ્ટીંગ શરૂ, સુરતમાં વધુ ૪૦૦ સેમ્પલ ટેસ્ટીંગની ક્ષમતા વધી



**વીર નર્મદ યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટમાં RT-PCR ટેસ્ટીંગ પ્રક્રિયા કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાએ તા.૧૪મી મે ૨૦૨૧ના રોજ શરૂ કરાવી**

www.cialive.in

**સુરત શહેરીજનો માટે મહત્વનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યાન્વિત કરાયું**

**વીર નર્મદ યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટની લેબમાં હાલ ફક્ત સરકાર દ્વારા આપવામાં આવતા સેમ્પલનું RT-PCR ટેસ્ટીંગ થશે**

**હાલ અહીં રોજ ૪૦૦ સેમ્પલ્સનું રિયલ ટાઇમ પીસીઆર ટેસ્ટીંગ શક્ય**





www.cialive.in

**વીર નર્મદ યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાએ ખાસ ઇનીશીએટિવ લઇને સિન્ડીકેટ સભાની બેઠકમાં RT-PCR ટેસ્ટીંગની દરખાસ્તો પર નિર્ણયો લેવડાવ્યા**

www.cialive.in

**વીર નર્મદ યુનિ.ની લેબ પર સામાન્ય લોકોએ ટેસ્ટીંગ માટે જવું નહીં, હાલ અહીં સરકાર દ્વારા આપવામાં આવતા સેમ્પલિંગનું જ ટેસ્ટીંગ થાય છે**

## Veer Narmad South Gujarat University, Surat
## RT-PCR TESTING FACILITY FOR COVID-19


**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત**
COVID-19 માટે આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગની સુવિધા

**वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत**
COVID-19 के लिए आर.टी.पी.सी.आर. परीक्षण सुविधा

1. As per the rules and regulations of the government, the charge of RT-PCR testing of COVID-19 for the citizens is Rs. 700.
2. Rs. 350/- for all academic and non-academic staff of the university and students currently studying in various departments of the university and all academic and non-academic staff of the university affiliated colleges.
3. **It is mandatory to submit a copy of Aadhaar card to those who want to undergo RT-PCR testing. University / College staff and students should bring their institution's card along with Aadhaar card.**

1. સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ શહેરીજનો માટે કોવીડ-૧૯ ના RT-PCR ટેસ્ટીંગ નો ચાર્જ ટેસ્ટ દીઠ રૂ. ૭૦૦/- લેવામાં આવશે .
2. યુનિવર્સીટીના તમામ શૈક્ષણીક અને બિન-શૈક્ષણીક સ્ટાફ અને યુનિવર્સીટી ના વિવિધ વિભાગોમાં હાલમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ તથા યુનિવર્સીટી સંલગ્ન કોલેજોના તમામ શૈક્ષણીક અને બિન-શૈક્ષણીક સ્ટાફ માટે ટેસ્ટ દીઠ રૂ. ૩૫૦/- લેવામાં આવશે.
3. **જે વ્યક્તિઓએ RT-PCR ટેસ્ટીંગ કરાવવાનું હોય તેઓને આધારકાર્ડની એક નકલ ફરજીયાત જમા કરાવવી. યુનિવર્સીટી/કોલેજ ના સ્ટાફ અને વિધાર્થીઓએ આધારકાર્ડ ઉપરાંત પોતાની સંસ્થાનું કાર્ડ સાથે લાવવું.**

1. सरकार के नियम-कायदों के अनुसार नागरिकों के लिए कोविड-19 की आरटी-पीसीआर जांच का शुल्क रु. 700/- लिया जाएगा।
2. विश्वविद्यालय के सभी शैक्षणिक और गैर-शैक्षणिक कर्मचारियों और वर्तमान में विश्वविद्यालय के विभिन्न विभागों में अध्ययन कर रहे छात्रों एवं विश्वविद्यालय से संलग्न कॉलेजों के सभी शैक्षणिक और गैर-शैक्षणिक कर्मचारियों के लिए, रु 350/- लिया जाएगा।
3. **जो लोग आरटी-पीसीआर परीक्षण से गुजरना चाहते हैं, उन्हें आधार कार्ड की एक प्रति अनिवार्य रूप से जमा करना। विश्वविद्यालय/महाविद्यालय के कर्मचारी एवं छात्र आधार कार्ड के अतिरिक्त अपना स्वयं का संस्थान कार्ड लेकर आएं।**




| Place: University Health Centre<br>Date: 22/05/2021<br>Time: 10 to 12 AM | સ્થળ: યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર<br>તારીખ: 22/05/2021<br>સમય: સવારે 10 થી 12 | स्थान: विश्वविद्यालय स्वास्थ्य केंद्र<br>दिनांक: 22/05/2021<br>समय: सुबह 10 से 12 बजे |
|---|---|---|

Veer Narmad South Gujarat University, Udhana - Magdalla Road, Surat, Gujarat 395007

**Dr. Kishorsinh N. Chavda**
Hon'ble Vice Chancellor, Veer Narmad South Gujarat University, Surat

**Shri A.V. Dhaduk**
I/C Registrar, Veer Narmad South Gujarat University, Surat

સાભાર: ધબકાર તા. ૨૨–૫–૨૦૨૧

# નર્મદ યુનિવર્સિટી ખાતે શહેરીજનો માટે આજથી આર.ટી-પી.સી.આર ટેસ્ટ શરૂ

**ધબકાર પ્રતિનિધિ સુરત, તા.૧૯**

નર્મદ યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગને કોરોના ટેલ્ટિંગ માટે આર.ટી-પી.સી.આર ટેસ્ટ કરવા આઇ.સી.એમ.આર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આવતીકાલથી જાહેરજનતા પોતાનો કોરોના ટેસ્ટ યુનિવર્સિટી ખાતે કરાવી શકશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગ ખાતે આધુનિક આર.ટી-પી.સી.આર ટેસ્ટ માટેની લેબ શરૂ કરવામાં આવી છે. બાયોલોજી વિભાગને કોરોના ટેલ્ટિંગ માટે આર.ટી-પી.સી.આર ટેસ્ટ કરવાની પરવાનગી આઇ.સી.એમ.આર દ્વારા આપવામાં આવી છે.

નર્મદ યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે આવતીકાલથી ૨૨મી મે, ૨૦૨૧ થી સોમ થી શનિવાર સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધી શહેરીજનો કોરોના ટેસ્ટ કરાવી શકશે. આર.ટી-પી.સી.આર ટેસ્ટ માટેના સેમ્પલ કલેક્શન કરવાનું શરૂ કરવામાં આવશે. સેમ્પલ બાયોસાયન્સ વિભાગની લેબ ખાતે ટેસ્ટ કરવામાં આવશે. સેમ્પલ કલેક્શન કર્યા પછી ૨૪ કલાકમાં રિપોર્ટ આપવામાં આવશે.

આર.ટી-પી.સી.આર ટેસ્ટ માટેનો ચાર્જ યુનિવર્સિટીના શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે ૩૫૦ રૂપિયા રહેશે. જ્યારે બહારની વ્યક્તિઓ માટે ૭૦૦ રૂપિયા ચાર્જ લેવામાં આવશે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ માટે પણ ૩૫૦ રૂપિયા ચાર્જ લેવામાં આવશે.કોરોના ટેસ્ટ માટે આધાર કાર્ડની નકલ ફરજીયાત લાવવાની રહેશે. યુનિવર્સિટી સંલગ્ન વિભાગો, કોલેજોના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ અને યુનિવર્સિટી વિભાગના વિદ્યાર્થીઓ માટે આધારકાર્ડ સાથે સંસ્થા દ્વારા આપવામાં આવતા આઇકાર્ડ પણ સાથે રાખવાનો રહેશે.

**યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે સોમ થી શનિવાર, સવારે ૧૦ થી બપોરે ૧૨ સુધી કોરોના ટેસ્ટ થશે**

સાભાર: સંદેશ તા. ૨૦–૫–૨૦૨૧

### બાયોસાયન્સ વિભાગમાં RTPCR સેમ્પલનું ટેસ્ટિંગ

# યુનિવર્સિટીમાં શરૂ થયેલી કોરોના ટેસ્ટિંગ લેબને ICMRની મંજૂરી

## યુનિવર્સિટીમાં જ દરરોજ ૫૦૦ સેમ્પલની ચકાસણી થઇ શકશે



| સુરત |

કોરોના મહામારીની બીજી લ્હેરમાં દવા, ઇન્જેક્શનથી માંડીને રિપોર્ટ ટેસ્ટીંગ મુદ્દે દર્દીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. એવામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ વિકટ સંજોગોને જોતાં બાયોસાયન્સ વિભાગમાં કોરોના દર્દીઓ માટે આરટીપીસીઆર સેમ્પલનું ટેસ્ટીંગ કરવાની લેબોરેટરી ઊભી કરવાનો નિર્ણય લીધો હતો. આ કોરોના સેમ્પલ ટેસ્ટીંગ લેબને આઇ સીએમઆર(ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ) દ્વારા મંજૂરીની મ્હોર મારવામાં આવી છે.

નોંધનીય છે કે, યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં આરટીપીસીઆર સેમ્પલના ટેસ્ટીંગ માટે લેબોરેટરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. ૧૮ લાખ રૂપિયાના ખર્ચે અદ્યતન મશીનની ખરીદી કર્યા બાદ કુલપતિ ડો.કે.એન.ચાવડાની હાજરીમાં સેમ્પલ ટેસ્ટીંગ લેબોરેટરીનો આરંભ કરાયો હતો. આ લેબોરેટરીને મેડિકલ રિસર્ચ કાઉન્સિલે મંજૂરી આપી છે. સિન્ડિકેટ સભ્ય ડો. કશ્યપસિંહ ખરચીયાએ જણાવ્યુ હતુ કે, કોરોનાના કપરા કાળમાં સમાજઉપયોગી પ્રવૃત્તિ કરવા માટે યુનિવર્સિટીમાં સેમ્પલ ટેસ્ટીંગ લેબોરેટરી શરૂ કરાઇ હતી. આ લેબોરેટરી આરટીપીસીઆરના રોજના આરટીપીસીઆરના ૫૦૦ સેમ્પલ ટેસ્ટીંગ કરવાની ક્ષમતા ધરાવે છે. સેમ્પલ ટેસ્ટીંગ માટે જો યુનિવર્સિટી પરિસરના જ કર્મચારી હોય તો ૩૫૦ રૂપિયા અને બહારની વ્યક્તિ હોય તો ૭૦૦ રૂપિયા ખર્ચ લેવાશે. અહીં કોરોના દર્દી સાથે સીધા સંપર્કમાં આવ્યા સિવાય પાલિકા તંત્ર દ્વારા મોકલવામાં આવતા સેમ્પલનું ટેસ્ટીંગ કરવામાં આવે છે. જેને હમણાં સુધીમાં બહોળો પ્રતિસાદ સાંપડ્યો છે.

સાભાર: ધબકાર તા. ૮–૫–૨૦૨૧

# એન.સી.સી કર્નલ એસ.જે શર્માએ નર્મદ યુનિ. કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડાની મુલાકાત લીધી

## સીબીસીએસ હેઠળ જનરલ ઈલેકટિવ ક્રેડિટ કોર્સ તરીકે એનસીસીને વિવિધ મોટા ફાયદાઓ છે : કર્નલ શર્મા

ધબકાર પ્રતિનિધિ, સચિન, તા.૦૭

નવી શિક્ષણ નીતિ હેઠળ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં એન.સી.સી. કર્નલ શર્મા ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ (સીબીસીએસ) હેઠળ ઈલેક્ટિવ ક્રેડિટ કોર્સ ગોઠવવા માટે કુલપતિને મળ્યાં હતાં અને વિદ્યાર્થીઓ માટે નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત વધારાના અભ્યાસક્રમ અને અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ વચ્ચેની અલગતાને દૂર કરવા માટેની વિવિધ ચર્ચાઓ કુલપતિ સાથે કર્નલે કરી હતી.




એન.સી.સી યુવાઓમાં એકતા અને અનુશાસનનો મંત્ર આપનારી સંસ્થા છે અને આ સંસ્થાના કર્નલ એસ.જે શર્માએ ગુરુવારે સાઉથ ગુજરાત યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડાની મુલાકાત લીધી હતી. જેમાં નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ અંતર્ગત વધારાના અભ્યાસક્રમ, સહ અભ્યાસક્રમ અને અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ વચ્ચેની મુશ્કેલીભર્યા પડાવને દૂર કરવા અને ચોઈસ બેઈઝ ક્રેડિટ સિસ્ટમ હેઠળ અભ્યાક્રમો જેવી બધી પ્રવૃત્તિઓ પ્રદાન કરવાની દરખાસ્તો ઉપર વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. જનરલ ઈલેક્ટિવ ક્રેડિટ કોર્સ તરીકે એનસીસી વિવિધ મોટા ફાયદાઓ છે જેમાં એનસીસી કેડેટમાં નોંધણી કરાવતાં વિદ્યાર્થીઓ મૂલ્યવાન એનસીસી બી અને સી પ્રમાણપત્રો મેળવવા ઉપરાંત તાલીમ અને શૈક્ષણિક તાલીમ મેળવવામાં મોટા ફાયદાકારક રહેશે.

નાલંદા યુવા વિકાસ ટ્રસ્ટના આદેશ સાબળે અને કર્નલ એસ.કે શર્મા વચ્ચે થયેલી સાથેની વાતચીતમાં સાબળે જણાવે છે કે એનસીસી બાળપણમાં બાળકોને રાષ્ટ્ર નિર્માણ, દેશભક્તિ એકતા અને શિસ્ત સંબધિત તાલીમ આપે છે. દરેક યુવાનોએ પણ દેશમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપતાં રહેવું જોઈએ.

સાભાર: દિવ્યભાસ્કર તા. ૧૩–૫–૨૦૨૧

# યુજીસીના આદેશ બાદ એસી-સિન્ડિકેટની બેઠક મળી કોલેજીયનોને NCC પસંદગીના વિષય તરીકે સ્વીકારવાની મંજૂરી

## NSS સહિતના બંને કોર્સને છ સેમેસ્ટરમાં ભણાવાશે

એજ્યુકેશનરિપોર્ટર | સુરત

યુજીસીના આદેશ બાદ કોલેજીયનોને NCC અને NSS પસંદગીના વિષય તરીકે સ્વીકારવાની મંજૂરી અપાઈ છે એટલે કે યુનિવર્સિટીમાં અંડર ગ્રેજ્યુએટમાં એનસીસી અને એનએસએસનો ઈલેક્ટિવ ક્રેડીટ કોર્સ આગામી શૈક્ષણિક વર્ષથી દાખલ કરવાનો નિર્ણય એકેડેમિક કાઉન્સિલે કર્યો છે. બન્ને કોર્સને છ સેમેસ્ટરમાં ભણાવવા માટેનો અભ્યાસક્રમ બનાવવાની પણ સૂચના અપાય છે. એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બેઠકમાં આ નિર્ણય યુજીસીના આદેશ પર કર્યો છે. બન્ને કોર્સ પૂર્ણ કર્યા બાદ સર્ટિફિકેટ અપાશે.

એકેડેમિક કાઉન્સિલે ટીવાય એલએલબીમાં એડીઆરમાં ઈન્ટરનલની 40 માર્ક્સની ગુંચવણ દૂર કરી છે. જે મુજબ કોલેજે ઓર્ગેનાઈઝિંગ લિગલ લિટરસી કેમ્પના 15 ગુણ, લોક અદાલત એટેન્ડન્સ 15 ગુણ, એસાઈમેન્ટ સબમિશનના 10 ગુણ અને વાચવાના 10 ગુણ એમ કુલ 50 ગુણની ઈન્ટરનલ પરીક્ષા લેવાની રહેશે.

### કુલપતિ-સિન્ડિકેટ સભ્યોએ યુનિ. કેમ્પસમાં 2 કલાક સુધી ફર્યા

નવા કુલપતિ ડો. પ્રો. કે. એન. ચાવડાએ સિન્ડિકેટ સભ્યોને યુનિવર્સિટીને કેમ્પસ ફેરવ્યા હતા. જેમાં તળાવને ડેવલોપ કરવા માટેની ખાનગી સમાજ સેવા સંસ્થાની પ્રપોઝલ આવી હતી. જેની પર ચર્ચા-વિચારણા પણ કરાય હતી. ઉપરાંત ભગવાન મહાવીર કોલેજ પાસે વિદ્યાર્થીઓના પરિણામ સહિતના ડોક્યુમેન્સ મામલે એફિડેવિટ લેવાનું રહેશે.

### Ph.D.નું ટાઇટલ તૈયાર કરવાનું રહેશે

સિનોક્સીસ જમા કરવા ત્યાં સુધીમાં વિદ્યાર્થીએ ગાઈડની ભલામણ સાથે ટાઈટલ તૈયાર કરી દેવાનું રહેશે. તે સાથે શરૂઆતનું ટાઈટલ પ્રોવિઝલન રખાશે. પીએચડીના ગાઈડોને માન્યતા પણ અપાય હતી. આ સાથે એબીવીના પ્રદેશમંત્રીના પત્રની પણ નોંધ લેવાય હતી.

સાભાર: દૈનિક ભાસ્કર તા. ૧૩–૫–૨૦૨૧

कार्यक्रम • सिविल अस्पताल के नर्सिंग कॉलेज में अंतरराष्ट्रीय नर्स डे मनाया

# मरीजों की जान बचाने में नर्स भी अहम दायित्व निभाती हैं: कुलपति

सिटी रिपोर्टर | सूरत

नई सिविल अस्पताल स्थित नर्सिंग कॉलेज में बुधवार को अंतरराष्ट्रीय नर्स दिवस मनाया गया। कार्यक्रम में सीमित संख्या में नर्सिंग स्टाफ की उपस्थिति रही। इस अवसर पर वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी के वाइस चांसलर केएन चावड़ा ने सभी नर्सिंग स्टाफ को कोरोना काल में उनके द्वारा किए जा रहे सेवा कार्यों की प्रशंसा कर उनका हौसला बढ़ाया।

उन्होंने कहा कि अस्पतालों में मरीजों की जान बचाने में डॉक्टर के बाद सबसे महत्वपूर्ण दायित्व नर्सिंग स्टाफ निभाता है। डॉक्टर के कंधे से कंधा मिलकर नर्सें कोरोना काल में बिना किसी डर के मरीजों के उपचार में सेवां दे रही हैं। गुजरात नर्सिंग काउंसिल के उपप्रमुख इकबाल कड़ीवाला ने बताया कि कोरोना काल का पिछला एक साल नर्सिंग स्टाफ के लिए अग्नि परीक्षा के समान रहा है। नर्स बहनें घर- परिवार के साथ-साथ अस्पताल में दायित्व निभाकर कर्तव्य पालन कर रही हैं। शहर के सभी सरकारी- अर्धसरकारी और मनपा के हेल्थ सेंटर सहित पर कुल 5 हजार नर्सिंग स्टाफ सेवा दे रहे हैं। इनमें से सिविल अस्पताल में मेल- फीमेल सहित 680 नर्स और स्मीमेर में 553 नर्स दायित्व निभा रही हैं। नर्सिंग के स्टूडेंट की भी सेवाएं ली जा रही हैं।

## 5000 नर्स शहर के अस्पतालों में दे रही हैं सेवा



सिविल अस्पताल के नर्सिंग कॉलेज परिसर में अंतरराष्ट्रीय नर्स डे पर उपस्थित नर्स बहनें एवं अन्य स्टाफ।

## कोरोना काल में नर्स बहनों ने नारी शक्ति की मिसाल पेश की: त्रिवेदी



सूरत | स्मीमेर के सुप्रींटेंडेंट सुरेंद्र त्रिवेदी ने बताया कि स्मीमेर में नर्सिंग स्टाफ के कई कर्मचारियों को कोरोना हुआ था, सभी ने कोरोना को मात दी और अब स्वस्थ्य होकर पुनः दायित्व निभा रहे हैं। कोरोना काल में नर्सिंग स्टाफ की बहनों ने जान में जोखिम में डालकर नारी शक्ति की मिसाल पेश की है।उन्होंने बताया कि फ्लोरेंस नाइटिंगेल को लेडी विद लैंप कहा जाता है। ब्रिटिश नर्स फ्लोरेंस दिन-रात मरीजों की देखभाल करती थी। उनके जन्मदिन को अंतरराष्ट्रीय डे के रूप मनाया जाता है। नर्स डे के अवसर पर नर्सों ने सिविल में कोरोना मरीजों को खाना खिलाने से लेकर हाथ धुलवाने सहित अन्य सेवाएं दी।

સાભાર: ગુજરાત ગાર્ડીયન તા. ૧૩–૫–૨૦૨૧

# સુરત નવી સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફની કામગીરીને બિરદાવતા નર્મદ યુનિ.ના કુલપતિ

સુરત,તા.૧૨

રાજય સરકાર દ્વારા સંચાલિત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં કાર્યરત નર્સિંગ કોલેજમાં વિશ્વ નર્સિંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નવનિયુક્ત વાઈસ ચાન્સેલર કે.એન ચાવડા ખાસ ઉપસ્થિત રહયા હતા. તેઓએ નર્સિંગ સ્ટાફ અને નર્સિંગના વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ આપી કોરોના મહામારીમાં જીવન જોખમે તેમની અવિરત સેવાઓને બિરદાવી હતી, સાથે હોસ્પિટલમાં ફરજ બજાવનારા સફાઈ કર્મચારીઓને પણ તેમની સેવાની કદરરૂપે અભિનંદન પાઠવ્યા હતા.



## કુલપતિ કિશોરસિંહ ચાવડાએ કોરોનાના કપરા કાળમાં કરેલા સેવાકાર્યોની પ્રશંસા કરી હતી

વાઈસ ચાન્સેલર કે એન ચાવડાએ નર્સિંગના વિદ્યાર્થીઓને દેશભક્તિની ભાવના સાથે દેશને આત્મનિર્ભર અને મજબૂત બનાવવા અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓની સેવા ભાવનાને બિરદાવી હતી. નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ ઈન્દ્રાવતી રાવ, મેડિકલ કોલેજના ડીન ડો. ઋતંભરા મહેતા, સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો.રાગિણી વર્માએ શાલ ઓઢાડી વાઈસ ચાન્સેલરનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, દિનેશ અગ્રવાલ, નિલેશ લાઠીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાઈસ ચાન્સેલર ચાવડાએ તેમની નિમણુંક બાદ દક્ષિણ ગુજરાતની ૩૫૦ કોલેજો પૈકી પ્રથમ મુલાકાત પૈકીની સરકારી નર્સિંગ કોલેજની લીધી હતી.

સાભાર: સંદેશ તા. ૧૬–૫–૨૦૨૧

કોરોના મહામારી વચ્ચે દ. ગુ. યુનિવર્સિટીનો માનવતાવાદી અભિગમ

# યુનિ.માં કરાર આધારિત ૫૦૦ કર્મીને વીમાનું સુરક્ષા કવચ આપવાનો નિર્ણય

| સુરત |

કોરોના મહામારી વચ્ચે પ્રાથમિક ધોરણે શહેરીજનોના સ્વાસ્થ્યની સુરક્ષાનું મહત્ત્વ વધી ગયું છે ત્યારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માનવતાવાદી અભિગમ દાખવતા કર્મચારી વર્તુળમાં ખુશાલી ફેલાઈ ગઈ છે. યુનિવર્સિટી પ્રશાસને કરાર આધારિત ૫૦૦ કમર્ચારીઓને વીમાનું સુરક્ષા કવચ પૂરું પાડવાનું અને બે વર્ષમાં આકસ્મિક મૃત્યુ પામનારા કર્મચારીના પરિવારને ૨.૫૦ લાખની આર્થિક સહાય આપવાનું નિર્ધારિત કર્યું છે.

પ્રવર્તમાન કોરોના સંજોગોમાં કાયમી અને કરાર આધારિત કર્મચારીઓની સુરક્ષા માટે વીમો, મેડિક્લેઈમ ઉતારવાનું અને મૃતક કર્મચારીના પરિવારને સહાય આપવાની માંગ સિન્ડિકેટ સભ્ય ભાવેશ રબારી દ્વારા કરવામાં આવી હતી. તેમની રજૂઆતોને ધ્યાનમાં લેતાં યુનિવર્સિટીની નાણા સમિતિની બેઠકમાં મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. નાણા સમિતિના સભ્ય ભાવેશ રબારીએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીએ મારી રજૂઆતને આધારે કરાર આધારિત ૫૩૦ અને કાયમી કર્મચારીઓના હિતમાં મોટો નિર્ણય લીધો છે. કોરોના મહામારીના વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં આકસ્મિક સંજોગોમાં મૃત્યુ પામનાર યુનિવર્સિટીના કાયમી અને કરાર આધારિત શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓના વારસદારોને ૨.૫૦ લાખની આર્થિક સહાય યુનિવર્સિટીના સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડમાંથી ચૂકવવામાં આવશે. જ્યારે યુનિવર્સિટીના તમામ કરાર આધારિત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની વીમા પોલીસી, મેડિક્લેઈમ ઉતારાશે. તે માટે ટેન્ડર બહાર પાડવાનું નિર્ધારિત કર્યું છે. ટેન્ડર પ્રક્રિયા થાય ત્યાં સુધી પ્રધાનમંત્રી વીમા યોજનાનો લાભ લેવાશે. છેલ્લા ૧ વર્ષમાં કોરોના અને અકસ્માત કેસમાં ૪ કર્મચારી મૃત્યુ પામ્યા છે. અતુલ વેકરિયા અકસ્માત કેસમાં મોતને ભેટેલી ઉર્વશી ચૌધરીના પરિજનોને પણ સહાય કરાશે.

સાભાર: દિવ્યભાસ્કર તા. ૧૪–૫–૨૦૨૧

ભાસ્કર વિશેષ | B.Com, MBA સહિતના કોર્સ માટે અરજી, ગત વર્ષે 2 જ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો હતો

# નર્મદ યુનિ.માં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ સહિતના 10 દેશના 185 વિદ્યાર્થીની પ્રવેશ માટે અરજી, 71ના પ્રવેશ મંજૂર

મિલન માંજરાવાલા | સુરત

રાજ્યની વીર નર્મદ, ગુજરાત યુનિવર્સિટી સહિતની 11 યુનિવર્સિટીમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, યુગાન્ડા, નાઈજિરિયા સહિતના 10 દેશોમાંથી 3771 વિદ્યાર્થીઓએ બી.કોમ, એમબીએ, બીબીએ સહિતની વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવા અરજી કરી હતી. જેમાં 711ના એડમિશન ફાઈનલ કરાયા છે. જ્યારે અન્ય પ્રોસેસ હેઠળ છે. સુરતની વીર નર્મદ યુનિ.માં આ વર્ષે પહેલી વખત 185 વિદ્યાર્થીઓએ અરજી કરી. જેમાં 71ના પ્રવેશ ફાઈનલ કરાયા છે. અહીંથી ભણીને ગયેલા વિદ્યાર્થીઓના ફીડબેકના આધારે ત્યાંના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ધસારો હોવાનું યુનિવર્સિટી સત્તાવાળાઓનું કહેવું છે.

## આ કોર્સમાં પ્રવેશ લીધો

બીકોમ, BBA, BCA, B.Sc., એમકોમ, MBA, MCA, MPA, MA ઈકોનોમિક્સ, MSW, LLB, LLM, બીકોમ LLB(હોન્સ), M.Sc. IT, M.Sc. બાયોટેક, MHRD, BRS, M.Sc. બાયોસાયન્સ, M.Sc.બાયો સાયન્સ (એનિમલ સાયન્સ) અને પીએચડીનો અભ્યાસ કરવા વિદેશી વિદ્યાર્થીઓ VNSGUમાં આવી રહ્યા છે.

## 5 વર્ષમાં 28 વિદ્યાર્થી આવ્યા હતા

| શૈક્ષણિક વર્ષ | એપ્લિકેશન | મંજૂર | દેશ |
|---|---|---|---|
| 2015-16 | 12 | 12 | 07 |
| 2016-17 | 10 | 10 | 05 |
| 2017-18 | 01 | 01 | 01 |
| 2018-19 | 04 | 04 | 03 |
| 2019-20 | 02 | 02 | 02 |
| 2021-22 | 185 | 71 | 10 |

આ દેશમાંથી આવે છે: અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ઘાના, યુગાંડા, મોઝામ્બિક, સુદાન, અંગોલા, ગયાના, ઝિમ્બાબ્વે, તાંઝાનિયા, તાજીકિસ્તાન, સાઉથ સુદાન, પેલેસ્ટાઈન, રવાંડા, નાઈજિરિયા

## ફિડબેક સારો મળતા વિદેશી વિદ્યાર્થી વધ્યા

ગુજરાતની યુનિવર્સિટીમાં વિદેશી છાત્રોએ સૌથી વધારે એડમિશન મેળવ્યું છે. રાજ્યની યુનિવર્સિટીમાં એજ્યુકેશન અને ફેસેલિટીમાં વધારો કરાયો છે. જેને કારણે અભ્યાસ કરીને પોતાના દેશ જનારા છાત્રો પરિવાર અને મિત્રોને સારો ફિડબેક આપે છે. જેથી આ વખતે વિદેશી વિદ્યાર્થીઓ વધ્યા છે. » ડૉ. જીગર ઈનામદાર, રિજનલ ડિરેક્ટર, આઈસીસીઆર

---

સાભાર: ગુજરાતમિત્ર તા. ૧૩–૫–૨૦૨૧

# આગામી વર્ષે નેકના ઈન્સ્પેક્શન પહેલા નર્મદ યુનિ. કેમ્પસ રળિયામણું બનાવવા કવાયત શરૂ

**કુલપતિ** અને સિન્ડિકેટ સભ્યોએ અલગ અલગ વિભાગોની મુલાકાત લઇ શું શું જરૂરિયાત રહેશે તેની માહિતી મેળવી

## ડીબીઆઇએમ વિભાગ ફરતેની જમીન ડેવલપ કરી ઇન્કમ સોર્સ અંગે વિચારણા

યુનિ.ના તત્કાલિન કુલપતિ ડો.પ્રજાપતિની દૂરંદેશીને પગલે યુનિ. કેમ્પસમાં સાકાર થયેલા કન્વેન્શન હોલ અને ક્રિકેટ સ્ટેડિયમ યુનિ. માટે આવકનું સાધન બની છે. યુનિ.એ હવે આવકના વધુ સ્ત્રોત ડેવલપ કરવા કવાયત ચાલુ કરી છે. આજે કુલપતિ ડો.ચાવડાએ યુનિ. કેમ્પસથી બહાર આવેલા જી.ડી.ગોએન્કા સ્કૂલ સામેના ડીબીઆઇએમ વિભાગની મુલાકાત કરી હતી. પ્રાઇમ લોકેશન ઉપર આવેલા આ ડિપાર્ટમેન્ટ ફરતે મોટી જમીન છે. યુનિ.એ આ જમીન ડેવલપ કરવા આયોજન ચાલુ કર્યું છે. ખાસ કરીને આ રોડ ઉપર ઘણા પાર્ટી પ્લોટ છે. વળી સુરત શહેરનો આ એક આઇકોનિક રોડ છે. તે જોતાં યુનિ. આવક રળવા માટેના પ્રયાસો કરી રહી છે.

સુરતઃ વીર નર્મદ યુનિ.માં આગામી વરસે આવનારા નેકની વિઝિટ પહેલા યુનિ. કેમ્પસને બ્યુટિફુલ બનાવવા કવાયત શરૂ થઇ છે. નવા વીસીએ આજે સિન્ડીકેટ સભ્યો સાથે કુલપતિએ યુનિ. પરિસરની મુલાકાત કરી તમામ વિભાગોની તપાસ કરી હતી.

યુનિ.માં સ્થાનિક કુલપતિના આગમન બાદ હવે ધીરેધીરે યુનિ. તંત્ર પાટા ઉપર ચઢી રહ્યું છે. યુનિ.માં અત્યાર લગી ચાલેલા કાવાદાવાને કારણે અસહય નુક્સાન થયું હતું. યુનિ.માં રિસર્ચ અને એકેડમિક એક્ટિવિટિઝ લગભગ ઠપ્પ થઇ ગઇ હતી. જેને લઈને સેંકડો શિક્ષણકારોમાં છુપો રોષ હતો. પરંતુ હવે સરકારે યુનિ.માં અમરોલી કોલેજના પ્રિન્સીપાલ ડો.કે.એન.ચાવડાને કુલપિત બનાવાતા તેમણે ધડાધડ યુનિ.ના વર્ષોથી અટકી પડેલા કામોને ગતિ આપી છે.

આજે સિન્ડીકેટ સભ્યો સાથે તેમણે યુનિ.ના અલગ અલગ વિભાગોની વિઝિટ કરી ક્યાં ક્યાં શું શું જરૂરી છે? તેની વિગતો મેળવી હતી. આગામી વર્ષે નેક એક્રિડિટેશન માટે મુલાકાત કરાશે ત્યારે આગામી ફેબ્રુઆરી મહિને નેકના આગમન પહેલા યુનિ.કેમ્પસને રળિયામણું બનાવવા માટેના પ્રયાસો શરૂ થઈ ગયા છે. ખાસ કરીને યુનિ. કેમ્પસના તળાવ આસપાસ ઉજ્જડ જેવી બની ગયેલી જમીન ડેવલપ કરાશે. તે ઉપરાંત અલગ અલગ વિભાગોનું બ્યુટિફિકેશન કરી જ્યાં જ્યાં રિપેરિંગ કામ છે તે કરાવવામાં આવશે.

---

સાભાર: સંદેશ તા. ૧૩–૫–૨૦૨૧

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને ફરજિયાત સીસીટીવી લગાડવા આદેશ

# યુનિવર્સિટીનો હાઈટેક પ્રયાસ : કોલેજોમાં ચાલતી પરીક્ષાનું લાઈવ મોનિટરિંગ કરશે

## સીસીટીવી ન હશે તો આચાર્યની જવાબદારી અને કોલેજ સામે પગલાં લેવાશે

| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પરીક્ષાને લઈને હલચલ જોવા મળી રહી છે. ત્યારે હવે યુનિવર્સિટીના હોદ્દેદારોએ કોરોનાના કપરા કાળમાં કોલેજોમાં ચાલતી પરીક્ષાનું લાઈવ મોનિટરિંગ થઈ શકે એ માટે હાઈટેક પ્રયાસ કર્યો છે. જેમાં હવે કોલેજોમાં ચાલતી પરીક્ષાની ગતિવિધિનું યુનિવર્સિટીના કંટ્રોલ રૂમમાં નિરીક્ષણ કરવામાં આવશે. સમગ્ર પ્રોજેક્ટ માટે યુનિવર્સિટીએ તમામ કોલેજોને ફરજિયાત સીસીટીવી લગાડવાનો આદેશ પણ કરી દીધો છે અને કાનૂની પ્રક્રિયા દરમિયાન કોઈ પણ શંકા જણાય તો છેલ્લા એક માસનું રેકોર્ડિંગ રજૂ કરવાની સૂચના પણ આપી દીધી છે.

યુનિવર્સિટીમાં ડો. કે.એન.ચાવડાએ નવા કુલપતિ તરીકે કાર્યભાળ સંભાળ્યા બાદ તેમને પરીક્ષાનું લાઈવ મોનિટરિંગ કરવા માટેની કવાયત શરૂ કરી દીધી છે. પ્રથમ અઠવાડિયામાં જ તેમને કોલેજોને સીસીટીવી કેમેરા લગાડવાની સૂચના આપી હતી. ત્યારબાદ હવે સત્તાવાર પરિપત્ર પણ જાહેર કર્યો છે. પરિપત્રમાં જણાવ્યા મુજબ, કોલેજોમાં સીસીટીવી કેમેરા રાખવા ફરજિયાત છે. સીસીટીવી કેમેરાનું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે લાઈવ મોનિટરિંગ સુપેરે થઈ શકે તે માટે કોલેજોમાં જે વર્ગખંડોમાં પરીક્ષા લેવાતી હોય તેમના સીસીટીવી કેમેરાને જે ડીવીઆર સાથે જોડેલા છે તે ડીવીઆરને ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપી પરીક્ષાના સમય દરમિયાન સીસીટીવી ચાલુ રહે એ અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજના આચાર્યની રહે છે.

સીસીટીવી કેમેરા સિસ્ટમ માટે જોઈતા આઈપી, પાસવર્ડ, યૂઝર નેમ, પોર્ટ પરીક્ષા કેન્દ્રમાં સત્રાંત પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને મળી રહે એવી વ્યવસ્થા કરવાની રહેશે. જો આ વિગતો આપવામાં નહીં આવે અને તેના કારણે પરીક્ષાના સમય દરમિયાન ઈન્ટરનેટ કનેક્ટિવિટી નહીં મળે તો કોલેજના જોડાણ અંગે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આગામી પરીક્ષા માટે સીસીટીવી કેમેરા ભાડે લાવી કામગીરી ચલાવી લેવાની નથી. કાયમી ધોરણે વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ કાનૂની પ્રક્રિયા દરમિયાન રેકોર્ડિંગ માંગવામાં આવે ત્યારે છેલ્લા એક માસ સુધીનું વીડિયો રેકોર્ડિંગ રજૂ કરવાનું રહેશે.

સાભારઃ ગુજરાત સમાચાર તા. ૧૬–૫–૨૦૨૧

# નર્મદ યુનિ.ના કર્મીનું આકસ્મિક મૃત્યુ થાય તો વારસોને રૂ. ૨.૫૦ લાખ સહાય

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શનિવાર

નર્મદ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ૭૦૦ થી વધુ કર્મચારીઓ માટે નાણા સમિતિની બેઠકમાં મહત્વનો નિર્ણય લઇને આકસ્મિક સંજોગોમાં મૃત્યુ પામે તો યુનિવર્સિટી દ્વારા વારસદારોને ૨.૫૦ લાખ આર્થિક સહાય ચૂકવવામાં આવશે.

## કર્મચારીઓ માટે વીમા પોલીસી અને મેડિક્લેઇમ માટે ટેન્ડર બહાર પડાશે- ૭૦૦થી વધુ કર્મચારીઓને રાહત

હાલના કોરોનાની સ્થિતિમાં નર્મદ યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓ માટે બજેટમાં રૂપિયા ફાળવવામાં આવે છે. પરંતુ છેલ્લા બે વર્ષથી એક પણ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો નથી. આ સાથે જ હાલની સ્થિતિ જોતા યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ કાયમી અને હંગામી માટે વીમા પોલીસી ઉતારવવાની સિન્ડીકેટ સભ્ય ભાવેશ રબારીએ માંગ કરાઇ હતી. જેના પગલે નાણા સમિતિની મળેલી બેઠકમાં કોરોનાની મહામારીના વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં આકસ્મિક સંજોગોમાં મૃત્યુ પામનારા યુનિવર્સિટીના તમામ કાયમી અને કરાર આધારિત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓના વારસદારોને ૨.૫૦ લાખ ની આર્થિક સહાય ચૂકવવાનો નિર્ણય કરાયો હતો. સાથે જ યુનિવર્સિટીના તમામ કરાર આધારિત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની વીમા પોલીસી, મેડિકલેઇમ માટે ટેન્ડર બહાર પાડવાનું નક્કી કરાયુ હતુ. હાલ ૭૦૦ થી વધુ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.

# VNSGU collects over ₹4L for kin of peon who died of nCov

Yagnesh.Mehta
@timesgroup.com

Gaurang Joshi



Shibha Pradhan

**Surat:** Life, for the children of Shiba Pradhan, a migrant worker from Odisha who served as a peon in the department of human resource development (DHRD) in Veer Narmad South Gujarat University (VNSGU), will be difficult but won't stop after their father lost the battle to Covid-19 in April. A grateful department has ensured that Pradhan's children will be able to continue with their studies.

In a move to honour Pradhan's dedicated service of around two decades at the varsity, students, faculties and alumni of the department collected Rs 4.2 lakh fund in the past two months. They created a Shiba Welfare Fund and opened a bank account, in which people were appealed to donate. Faculties and students launched an online campaign to create awareness about the fund.

"He is remembered by all the present and past students of our department. We lost an important colleague who was part of all the major developments in the department. Existing students and PhD students from the country and abroad have contributed to the fund," said Dr Kiran Pandya, head of DHRD.

After battling Covid for more than a week in the hospital, Pradhan died at the New Civil Hospital. He initially worked at the Department of Economics and later joined DHRD.

Pradhan is survived by his wife and two children. "I don't know what we will do now. But with this financial support, my elder sister and I will be able to study further," said Samir, son of Pradhan.

"We lost the earning member of our family. I will take the family back to our native village in Odisha. Hopefully the financial aid will be helpful for the children's studies," said Suresh, elder brother of Pradhan. "Shibabhai was a very kind person. Since his appointment was on a temporary basis the family did not have any support due to his sudden departure. But the aid will help the children," said Naresh Solanki, a peon in DHRD.

સાભારઃ રજસ્થાન પત્રિકા તા. ૨૫–૫–૨૦૨૧

## हाइटेक होगी यूनिवर्सिटी, कोरोना महामारी के बीच वीएनएसजीयू की पहल

# अब विद्यार्थियों को दिए जाएंगे डिजिटल आइडेंटिफिकेशन कार्ड

**विवि से संबद्ध 300 महाविद्यालयों के तीन लाख से अधिक विद्यार्थी डिजिटल आई कार्ड से दर्ज कराएंगे उपस्थिति**

पत्रिका न्यूज़ नेटवर्क
patrika.com

**सूरत.** कोरोना महामारी के कारण वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय पढ़ाई, परीक्षा, परिणाम के साथ अन्य कई समस्याओं से जूझ रहा है। इस बीच वीएनएसजीयू प्रशासन ने हाइटेक बनने की कवायद शुरू की है। विश्वविद्यालय के विद्यार्थियों को डिजिटल आइडेंटिफिकेशन कार्ड देने की तैयारी है। इस पर 27 मई को प्रस्तावित सिंडीकेट की बैठक में चर्चा के बाद निर्णय किया जाएगा।

विश्वविद्यालय में 27 मई को सिंडीकेट की बैठक होने वाली है। इस बैठक में विवि को हाइटेक बनाने के उद्देश्य से दो प्रस्ताव सिंडीकेट सदस्यों के समक्ष प्रस्तुत किए जाने वाले हैं। सिंडीकेट सदस्य डॉ. कश्यप खरचिया ने सिंडीकेट सदस्यों के साथ अन्य कई महत्वपूर्ण पदाधिकारियों को लैपटॉप देने की मांग की है। इससे सिंडीकेट जैसी कई महत्वपूर्ण बैठक ऑनलाइन हो सकें। ऑनलाइन ही सभी सदस्य महत्वपूर्ण मामलों पर चर्चा कर फैसले ले सकें। दूसरा प्रस्ताव विश्वविद्यालय संबद्ध महाविद्यालयों के विद्यार्थियों को डिजिटल आईडेंटिफिकेशन कार्ड देने का है। डिजिटल आई कार्ड मिल जाने से विद्यार्थियों को गले में आई कार्ड लटकाने की झंझट से मुक्ति मिलेगी। साथ ही महाविद्यालय, कक्षा, पुस्तकालय, लेबोरेटरी या अन्य कई बडे समारोह में डिजिटल आई कार्ड से ही विद्यार्थियों की उपस्थिति दर्ज की जाएगी। यह कार्ड मात्र विद्यार्थियों को ही नहीं बल्कि अन्य अधिकारियों और कर्मचारियों को भी दिए जाने की योजना है।

**पिछले कई सालों से हो रहे प्रयास**

विवि के विद्यार्थियों को डिजिटल कार्ड प्रदान करने का प्रयास पिछले 12 सालों से किया जा रहा है। इस बीच तीन कुलपति बदल गए। अभी तक इस पर किसी तरह का फैसला नहीं लिया गया है। कोरोना काल में जब सबकुछ डिजिटलाइज होता जा रहा है, डिजिटल कार्ड जरूरत बनता जा रहा है।

સાભારઃ ધબકાર તા. ૨૫–૫–૨૦૨૧

# નર્મદ યુનિવર્સિટી કેમ્પસ ખાતે કોમર્સ વિભાગ બનશે

## ૫૦ વર્ષ જૂના વહીવટી ભવનને ઉતારી લઈ, નવા ભવનના નિર્માણ સંદર્ભે ફાઈનાન્સ કમિટીમાં ચર્ચા થઈ

ધબકાર પ્રતિનિધિ
સુરત, તા.૨૪

નર્મદ યુનિવર્સિટીની આજરોજ ફાઈનાન્સ કમિટીની બેઠક યોજાઇ હતી. જેમાં યુનિવર્સિટી કેમ્પસમાં કોમર્સ વિભાગ બનાવવામાં આવશે. એ સંદર્ભે પ્રપોઝલ તૈયાર કરવા સુચના આપવામાં આવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આજરોજ ફાઈનાન્સ કમિટીની બેઠક યોજાઇ હતી. કુલપતિ ડો. કે. એન. ચાવડાની અધ્યક્ષતા મળેલી બેઠકમાં કમિટીના સભ્યો ડૉ. ભાવેશ રબારી અને જયરામ ગામીત હાજર રહ્યા હતા. બેઠકમાં યુનિવર્સિટી કેમ્પસમાં કોમર્સ વિભાગ બનાવ સંદર્ભે ચર્ચા થઈ હતી. કમિટીએ સિવિલ ડિપાર્ટમેન્ટના એન્જિનિયર કિરીટ સુરતીને કોમર્સ વિભાગ કઈ જગ્યાએ ઊભું કરવું, વિભાગમાં કઈ સુવિધા રહેશે અને કઇ ગ્રાન્ટમાંથી તૈયાર કરવું સહિતના મુદ્દે પ્રપોઝલ તૈયાર કરવા સૂચના આપવામાં આવી હતી.

વધુમાં ફાયનાન્સ કમિટીની બેઠકમાં યુનિવર્સિટી કેમ્પસના રસ્તા સુધારવાના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી અને -પોઝલ તૈયાર કરવા જણાવવામાં આવ્યું હતું. યુનિવર્સિટીનાં ૫૦ વર્ષ જૂના વહીવટી ભવનને ઉતારી લઈ, નવું ભવન બનાવવા સંદર્ભે પણ ચર્ચા થઈ હતી.

સાભારઃ દિવ્યભાસ્કર તા. ૨૫–૫–૨૦૨૧

## VNSGU હેલ્પલાઈન જાહેર કરશે, ફાઈનાન્સની મીટિંગમાં નિર્ણય

# વિદ્યાર્થીઓ એક જ નંબરથી કોઈપણ વિભાગના હેડ સાથે વાત કરી શકશે

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

સોમવારે યુનિવર્સિટીની ફાઈનાન્સ કમિટીની મીટિંગ મળી હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઇન નંબર જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો. આ એક જ હેલ્પલાઇન નંબરથી વિદ્યાર્થીઓ કોઈપણ ડિપાર્ટમેન્ટના હેડ સાથે વાત કરી શકશે.

યુનિવર્સિટીમાં સોમવારે મળેલી ફાઈનાન્સ કમિટીની મીટિંગમાં હેલ્પલાઇન નંબર માટે પ્રપોઝલ મૂકાઈ હતી. પ્રપોઝલ પ્રમાણે યુનિવર્સિટીએ એક એવો હેલ્પલાઇન નંબર જાહેર કરવો જોઇએ જેનાથી વાલી કે વિદ્યાર્થી માત્ર એક જ નંબર ડાયલ કરી યુનિવર્સિટીના કોઇપણ ડિપાર્ટમેન્ટના હેડ સાથે વાત કરી શકે. દા.ત. હેલ્પલાઇન નંબર ડાયલ કરતા સૂચના મળશે કે, એડમિશન અને એજ્યુકેશનને લગતી માહિતી માટે એક દબાવો. નંબર દબાવતા કોલ સીધો એકેડેમિક ડિપાર્ટમેન્ટના હેડને પહોંચશે. આ પગલાંથી વિદ્યાર્થીઓની મુશ્કેલી ઘટશે. યુનિવર્સિટી હેલ્પલાઇન નંબર પર થતી વાતોનું રેકોર્ડિંગ પણ રાખશે. આ હેલ્પલાઇન નંબર માટે કોઈ ચાર્જ પણ લાગશે નહીં.

### મીટિંગના સભ્યોને લેપટોપ અપાશે

સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ સહિતની મીટિંગના સભ્યોને લેપટોપ અપાશે. જે બાબત 27 મેની સિન્ડિકેટમાં મૂકાઈ છે. લેપટોપ મળ્યા બાદ સભ્યોને મીટિંગના એજેન્ડા સહિતની બાબતો પીડીએફમાં મળતા યુનિવર્સિટી પેપરલેસ બનશે.

### ITCની સાથે સ્માર્ટ બોર્ડ મુકાશે

યુનિવર્સિટી ક્લાસમાં ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી સિસ્ટમની સાથે સ્માર્ટ બોર્ડ મુકશે. જેથી વિદ્યાર્થીઓ ઘરે બેસીને સ્માર્ટ ફોન, ટેબલેટ, લેપટોપ સહિતના ગેજેટથી ભણી શકશે. જે મામલે પ્રપોઝલ તૈયાર કરવામાં આવી રહી છે.

### 3.5 લાખ ડિજિટલ ID અપાશે

VNSGUના યુજી-પીજીના 3.5 લાખ વિદ્યાર્થીઓને ડિજિટલ આઇકાર્ડ અપાશે. જેથી વિદ્યાર્થીઓ જે પણ સર્વિસનો ઉપયોગ કરશે તેની હાજરી જાતે જ પુરાઈ જશે. જે બાબત 27મેની સિન્ડિકેટમાં મૂકાઈ છે.

સાભાર: સંદેશ તા. ૭–૫–૨૦૨૧

પડકારો-પ્રશ્નો સામે ઝઝૂમતી વીર નર્મદ યુનિવર્સિટીમાં વહીવટી સ્થિરતા માટે કુલપતિની હૈયાધરપત

# 'યુનિ.ના સર્વાંગી વિકાસનો રોડમેપ તૈયાર થશે'

## ઓનલાઈન પરીક્ષાની તૈયારી માટે ડેટાબેઝ અને શાળામાં પ્રવેશફોર્મ ભરાય એવા પ્રયાસ થશે : ડો. ચાવડા




| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગુપ્તાકાળની અંધાધૂંધી બાદ હવે કોરોનાને લઈને પ્રવેશ, પરીક્ષા સહિતના મુદ્દે નવા પડકારોનો સામનો કરવાની નોબત આવી છે. દરમિયાન વિવિધ પ્રશ્નો સાથે ઝઝૂમી રહેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. ચાવડા સાથે થયેલી ખાસ વાતચીતમાં તેમને યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થી, કોલેજો અને શ્રેષ્ઠીઓ સાથે સંવાદનો સેતુ બંધાશે એવી હૈયાધરપત આપી હતી. તે સાથે જ વિવિધ મૂંઝવણો પર ચર્ચા કરી હતી.



**પ્રશ્ન : પ્રવેશની પળોજણ કેવી રીતે દૂર થશે?**

ઉત્તર : નવા સત્રમાં પ્રવેશ મુદ્દે બે વિકલ્પ આપવાની વિચારણા છે. જેમાં ધો-૧૨ના પરિણામની રાહ જોયા વિના પહેલેથી જ નોંધણી પ્રક્રિયા શરૂ કરી દેવા પ્રયાસ થશે. ધો. ૧૦ના પરિણામને આધારે વિદ્યાર્થીઓ પ્રવેશ ફોર્મ ભરી શકશે. જ્યારે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પણ સ્નાતક અભ્યાસક્રમોની સેમેસ્ટર-૧થી ૫ની માર્કશીટને આધારે ફોર્મ ભરી શકાશે. જેથી કરીને જેવું પરિણામ જાહેર થાય ત્યારે માત્ર અંતિમ ગુણની એન્ટ્રી કરવાની સાથે જ ૭ દિવસમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી શકાશે. વળી, હમણાં સુધી માત્ર કોલેજોમાં જ પ્રવેશ ફોર્મ ભરાતા હતા. તેની જગ્યાએ હવે શાળાઓમાં પણ પ્રવેશ ફોર્મ ભરાઇ એવી ગોઠવણ કરાશે. તે માટે શાળા કક્ષાએ સામાન્ય ખર્ચ વસૂલી શકાશે.

**પ્રશ્ન. : પરીક્ષા અંગે શું તૈયારી થશે?**

ઉત્તર : કોરોનાની સ્થિતિ અને સરકારી તંત્રની માર્ગદર્શિકાને આધારે પરીક્ષા અંગે નિર્ણય લેવાશે. જોકે, આગોતરી તૈયારીના ભાગરૂપે ઓનલાઇન પરીક્ષા લઇ શકાય એ માટે તમામ સવલતો ઊભી કરાશે. જે શાળા અને કોલેજોમાં ન્યૂનતમ ૬૦ કોમ્પ્યુટર સાથેની લેબ હોય તેનો ડેટાબેઝ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે.

**પ્રશ્ન. કર્મચારીની ઘટ મુદ્દે શું કરશો?**

ઉત્તર : હાલમાં કેટલીક કોલેજોમાં અમલી ૩ શિફ્ટના મોડલ પ્રમાણે કામ કરીશું. વિભાગીય વડાઓને સૂચના આપી દીધી છે. જેમાં યોગ્ય રેમ્યુનેશન સાથે વહીવટી અને શૈક્ષણિક કર્મચારીઓને સેવા લેવાની છૂટ આપવામાં આવશે. તેનો અમલ પણ શરૂ થઇ ગયો છે. સાથે જ ભરતી માટે જરૂરી પ્રયાસો કરીશું.

**પ્રશ્ન. સત્તામંડળની બેઠકો અંગે શું કરશો?**

ઉત્તર : એક મહિનામાં અનિયમિતતાની ગૂંચવણો દૂર કરી દઇશું. આ સિવાય બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન અને બોર્ડ ઓફ એકાઉન્ટના સભ્યોની પસંદગી જેવા મુદ્દાઓ હલ કરવામાં આવશે. ૨૧ મેએ વિવિધ બોર્ડની મુદ્દત પૂરી થવાની હોય નવા બોર્ડની રચના વખતે ખાસ ધ્યાન રાખીશું.

**પ્રશ્ન.બ્યૂટીફિકેશન અંગે શુ કરશો?**

ઉત્તર : યુનિવર્સિટીમાં વહીવટી પ્રણાલી સાથે બ્યૂટીફિકેશન પર ખાસ ભાર મુકાશે. પ્રથમ તબક્કામાં આખા પરિસરમાં ઠેરઠેર કૂંડા મૂકવાનું શરૂ કરી દીધું છે. રોજ કુલપતિ કેબીનમાં આવતા પહેલા યુનિવર્સિટીમાં રાઉન્ડ મારવાની સાથે જ વિવિધ બાબતોનું નિરીક્ષણ કરાશે.

**પ્રશ્ન. સામાજિક પ્રતિષ્ઠાના મુદ્દે શું કરશો?**

ઉત્તર : યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થી, કોલેજો, શ્રેષ્ઠીઓ, અધ્યાપકો, આચાર્યો સાથે સંવાદનો સેતુ બંધાશે. લોક સાહિત્ય જીવતુ રહે એ માટે વિવિધ સામાજિક સંસ્થાઓને યુનિવર્સિટી સાથે જોડીને રોજેરોજના ઓનલાઇન કાર્યક્રમો કરીશું. વધુ ને વધુ શ્રેષ્ઠીઓ યુનિવર્સિટી સાથે સંકળાય એવા પ્રયાસો થશે. આ સિવાય અધ્યાપકોના પ્રમોશન, રિસર્ચની ગુણવત્તામાં સુધારો થાય એ સંદર્ભે વિશેષ પ્રયાસો થશે.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**

**This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in**